A Synopsis

Of The ThesisTo be Submitted for

Ph.D Degree in Gujarati

At The Maharaja Sayajirao University of Baroda,Vadodara

Research Topic for Ph.D

# **"A study of regional elements in Gujarati Short Stories After 1990"**

# **"૧૯૯૦ પછીની ગુજરાતી ટૂંકીવાર્તાઓમાં પ્રાદેશિકતાઃ એક અભ્યાસ"**


**પ્રસ્તુતકર્તા**

બારોટ વાસુદેવ રમણભાઈ

Barot Vasudev Ramanbhai

**માર્ગદર્શકશ્રી**

ડૉ.ભરત પંડ્યા

Dr.Bharat Pandya

**Department of Gujarati, Faculty of Arts,**

**The Maharaja Sayajirao University of Baroda,**

**Vadodara-390002 Gujarat, India**

## શોધ નિબંધની રૂપરેખા

મારા શોધનિબંધનો વિષય છેઃ"૧૯૯૦ પછીની ગુજરાતી ટૂંકીવાર્તાઓમાં પ્રાદેશિકતાઃએક અભ્યાસ" પ્રસ્તુત શોધનિબંધમાં સમાવિષ્ટ સર્વ પાસાંઓને યોગ્ય ન્યાય મળી રહે તે હેતુસર શોધનિબંધને ૦૭ પ્રકરણોમાં અને ૦૩ પરિશિષ્ટોમાં વિભાજિત કર્યો છે.

**પ્રકરણઃ ૧ પ્રાદેશિકતાઃ સંજ્ઞા અને સ્વરૂપ ચર્ચા.**

૧.૧ સાહિત્ય અને પ્રાદેશિકતા

૧.૨ આધુનિકતાની પ્રાદેશિકતા પર અસર

**પ્રકરણઃ ૨ મધ્ય ગુજરાતની ટૂંકીવાર્તાઓમાં પ્રાદેશિકતા**

૨.૧ છગનાને ન સમજાતા સવાલો – જોસેફ મેકવાન

૨.૨ છત્રી – પુરુરાજ જોશી

૨.૩ મીઠા વગરનો રોટલો -ભગીરથ બ્રહ્મભટ્ટ

૨.૪ રાતવાસો -મણિલાલ.હ પટેલ

૨.૫ બદલી - મણિલાલ.હ પટેલ

૨.૬ ડેરો - કાનજી પટેલ

૨.૭ રાણાપ્રતાપના વંશજો - કાનજી પટેલ

૨.૮ આંબલીઓ - રાજેશ વણકર

**પ્રકરણઃ 3 ઉત્તર ગુજરાતની ટૂંકીવાર્તાઓમાં પ્રાદેશિકતાઃ**

૩.૧ મંદિરની પછીતે - રઘુવીર ચૌધરી

૩.૨ ખેતર - રામચન્દ્ર પટેલ

૩.૩ કાતોર - દલપત ચૌહાણ

૩.૪ નકલંક - મોહન પરમાર

૩.૫ કરિયાવર- બિપિન પટેલ

૩.૬ દેવચકલી - પ્રભુદાસ પટેલ

૩.૭ રમત - દશરથ પરમાર

૩.૮ સહી - કલ્પેશ પટેલ

૩.૯ જા એમ.ઓ.યુ રદ...- સંજય ચૌહાણ

**પ્રકરણઃ ૪ દક્ષિણ ગુજરાતની ટૂંકીવાર્તાઓમાં પ્રાદેશિકતા**

૪.૧ સુખા બાપાની રૂખી - વિજય શાસ્ત્રી

૪.૨ જન્મ - રવીન્દ્ર પારેખ

૪.૩ ચુડેલનો વાંસો - હિમાંશી શેલત

૪.૪ ગૂમડું - અજિત ઠાકોર

૪.૫ કરેણ - અજિત ઠાકોર

૪.૬ રાની બિલાડો - મોના પાત્રાવાલા

**પ્રકરણઃ ૫ સૌરાષ્ટ્રની ટૂંકીવાર્તાઓમાં પ્રાદેશિકતા**

૫.૧ ડારવીનનો પિતરાઈ - માય ડીયર જયુ

૫.૨ વઉ - મનોહર ત્રિવેદી

૫.૩ કોઠો - સુમંત રાવલ

૫.૪ નોખું ખોરડું - રમેશ ર.દવે

૫.૫ આ સવજી શામજી બચું કોઈ દી સુખી નો થ્યા હો - કિરીટ દુધાત

૫.૬ ભડકો - રાઘવજી માધડ

૫.૭ પોલિટેકનીક - મહેન્દ્રસિંહ પરમાર

૫.૮ મઘીની માનતા - ગોરધન ભેસાણીયા

૫.૯ મ્યુઝીયમ ઓફ ઇનોસંસ - વિશાલ ભાદાણી

**પ્રકરણઃ ૬ કચ્છપ્રદેશની ટૂંકીવાર્તાઓમાં પ્રાદેશિકતા**

૬.૧ તંબૂ- ધીરેન્દ્ર મહેતા

૬.૨ ખેપ - વીનેશ અંતાણી

૬.3 આટાર- રાજેશ અંતાણી

૬.૪ પલટાતો પવન - માવજી મહેશ્વરી

૬.૫ મિલકત - માવજી મહેશ્વરી

૬.૬ ગાળામાં અટવાયેલી તરસ- અજય સોની

૬.૭ રેતીનો માણસ - અજય સોની

૬.૮ ધોળી ધૂળ - જયંત રાઠોડ

**પ્રકરણઃ ૭ તારણો અને નિષ્કર્ષ**

**પરિશિષ્ટ ૧** : કૃતિ સૂચિ

**પરિશિષ્ટ ૨** : સંદર્ભગ્રંથ સૂચિ

**પરિશિષ્ટ ૩** : સામયિક સૂચિ

## પ્રકરણ:૧ પ્રાદેશિકતા સંજ્ઞા અને સ્વરૂપ ચર્ચા.

અનુઆધુનિકતાના પ્રભાવમાં જે વાર્તાઓ લખાઈ એ વાર્તાઓમાં નારીવાદ, દલિતવાદ, દેશીવાદ જેવી વિચારધારાઓ, સમાજમાં કચડાયેલાં, શોષાયેલાં, અન્યાયનો ભોગ બનેલા ઉપેક્ષિત વર્ગની સમસ્યાઓ અને ભાવ સંવેદનો વાર્તા દ્વારા વ્યક્ત થયા છે. અને વાર્તાઓમાં જ્યાં પ્રયોગશીલતા, રચાનારીતિને પ્રાથમિકતા આપવામાં આવતી હતી ત્યાં હવે 'Back to root' દેશી તરફ પાછા વળવાની વાત જોર પકડે છે. આથી આ સમયની વાર્તાઓમાં આપણે તળના માણસ, તેની બોલી, ગ્રામ્ય પરિવેશ, સમસ્યાઓ, પ્રશ્નો, સમાજ, જીવન, સંસ્કૃતિ, પ્રકૃતિ, સ્થળ, વ્યવસાય, પોશાક, ખાનપાન, આ બધા જ તત્ત્વોનું આલેખન જોઈ શકીએ છીએ.

એટલે કે ગુજરાતી વાર્તાકાર પણ પોતાના સમાજ–પ્રદેશ પ્રત્યેની પ્રતિબદ્ધતા પોતાની વાર્તાઓમાં જુદી જુદી રીતે સંકોરે છે. પોતાના પ્રાંત, જાતિની વિશેષતાઓ, તળપદજીવન, બોલીગત લાક્ષણિકતાઓ, દલિતચેતના, નારીચેતના, વિસ્થાપિતો, હાંસિયામાં મુકાયેલા લોકોની વેદના અને સમસ્યાઓને તે પોતાની વાર્તામાં પ્રત્યક્ષ કરે છે.

ગુજરાતમાં મધ્યગુજરાત, ઉત્તરગુજરાત, દક્ષિણગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ પ્રદેશો એમાં પાંચાળ, ઝાલાવાડ, હાલર, ગોહિલવાડ, ભાલ, વાકળ, ચરોતર, કાનમ જેવા તળપ્રદેશોમાં અનેક વાર્તાકારોએ રસપ્રદ વાર્તાઓ આપી છે.આવી વાર્તાઓને જો પ્રાદેશિકતાના તત્ત્વના સંદર્ભે તપાસવામાં આવે તો જે-તે પ્રદેશની પ્રાદેશિકતા વાર્તાને ઘડવામાં કેટલી અને કેવી ઉપકારક બની છે તે જાણી શકાય અને એ જ ઉપક્રમ સાથે આ વાર્તાઓનો અભ્યાસ કરી તાત્વિક અને તાર્કિક પરિપ્રેક્ષ્ય ઉભો કરવાનો પ્રયત્ન અહીં કર્યો છે.આ માટે અહીં ગુજરાતના મુખ્ય પાંચ પ્રદેશો અને જે-તે પ્રદેશના વાર્તાકારોની પસંદ કરેલી વાર્તાઓને પ્રાદેશિકતાના તત્ત્વને આધારે તપાસી છે.

પ્રાદેશિકતા કે પ્રાદેશિકનો આપણે સીધો જ અર્થ કરીએ તો જે-તે પ્રદેશનું એટલે પ્રાદેશિક. તે પ્રદેશનું વર્ણન કે આલેખન તે પ્રાદેશિકતા.અને આ જે-તે પ્રદેશ એટલે સમગ્ર નહિ પણ ચોક્કસ ભૂભાગ, આ ચોક્કસ ભૂભાગ એટલે જે-તે પ્રદેશની પ્રકૃતિ, ભૂગોળ અને સંસ્કૃતિ. પ્રાદેશિકતા માટે અંગ્રેજીમાં 'regional' અને 'territorial' એવી બે સંજ્ઞાઓનો ઉપયોગ થાય છે.એનો અર્થ પ્રાદેશિકતા અથવા તો પ્રદેશને લાગતું એવો થાય છે. world net dictionary માં 'regional' શબ્દના સમાનાર્થી શબ્દો તરીકે areal, dialect, dialectal, cartographic, locally, positional, zonal દર્શાવ્યા છે.એટલે જેને આપણે પ્રાદેશિક કહીએ છીએ એ સ્થળવાચક, સ્થિતિવાચક એવી સંજ્ઞા છે જે કુદરતી વાતાવરણ એટલે કે પ્રકૃતિ સાથે ગાઢ સંબંધ ધરાવે છે.

બૃહદ ગુજરાતી કોશમાં પ્રાદેશિકતાનો અર્થ આ મુજબ આપવામાં આવ્યો છેઃ "પ્રાદેશિકતા એટલે પ્રદેશનું, પ્રદેશ સંબંધી."

ગુજરાતી સાર્થ જોડણી કોશમાં પ્રાદેશિકતાની સંજ્ઞા 'પ્રદેશને લગતુ' એમ કરવામાં આવી છે.જયારે વિનિત જોડણી કોશમાં 'પ્રદેશ સંબંધી' એવી કરવામાં આવી છે. ભગવદગોમંડળમાં 'પ્રાદેશિકતા' એટલે પ્રદેશમાં હોનાર, થનાર કે પ્રદેશ સંબંધી એવો અર્થ કરવામાં આવ્યો છે.

ઉપરોક્ત ચર્ચા પરથી આપણે એક વ્યાખ્યા કરી શકીએ કે 'પ્રાદેશિકતા એટલે પ્રદેશને લગતું, પ્રદેશ સંબંધી જેમાં જે-તે પ્રદેશનું ભૌગોલિક સ્થાન, લોકજીવન, ઈતિહાસ, આબોહવા, ધર્મ, વ્યવસાયો, ઉત્સવો, ખાનપાન, પહેરવેશ, મેળા, લોકબોલી જેવા લક્ષણોનો એક આલેખ ઊભો થાય છે. જેને આપણે પ્રાદેશિકતા કહી શકીએ. આમ પ્રાદેશિકતા જે-તે પ્રદેશના માનવીની ઓળખ બની જાય છે. અને આ ઓળખ એટલે જયારે આપણે કચ્છ, કઠીયાવાડ, દક્ષિણ, મધ્ય, ઉત્તર ગુજરાતના પ્રદેશોના વાર્તાકારોની વાર્તાઓ વાંચીએ ત્યારે આપણી સમક્ષ જે-તે પ્રદેશ તેનો પરિવેશ, બોલી, સંસ્કૃતિ, લોકજીવન, ભૂગોળ, પ્રકૃતિ, રીતરિવાજો, માન્યતાઓ, જાતિ, સંસ્કાર, વિષમતાઓ આ બધુ જ તાદશ થાય છે.જેથી પ્રાદેશિકતા જે-તે પ્રદેશની આગવી ઓળખ બની રહે છે.આમ આ પ્રકરણમાં પ્રાદેશિકતા સંજ્ઞાની વિવિધ શબ્દકોશોનો આધાર લઇ સમજ આપી એની સ્વરૂપગત વિભાવના વિશે વાત કરી છે.

## ૧.૧ સાહિત્ય અને પ્રાદેશિકતાઃ

સાહિત્ય એ સમાજનું દર્પણ છે.સાહિત્યની સર્જન પ્રક્રિયામાં સર્જક એનું 'Raw Material'કાચી ધાતુ સમાજમાંથી લે છે. જે તે પ્રદેશનો સર્જક પોતાના પ્રદેશને ઉવેખીને સર્જન કરી શકતો નથી. એટલે તે પ્રદેશ તેના સાહિત્યમાં આવે જ.પ્રકૃતિ સાથે પાંગરેલી સંસ્કૃતિ પણ એમાં બાકાત રહેતી નથી.સર્જકનો નાતો સંસ્કૃતિ સાથેનો અને એ સંસ્કૃતિનો નાતો પ્રકૃતિ સાથેનો છે. સર્જક પોતાની આસપાસ બનતી ઘટનાને વિષયવસ્તુ તરીકે પસંદ કરે છે અને તેને કલાત્મકતા આપે છે. અહીં પ્રકૃતિ પણ પાત્ર બનીને આવે છે. એટલે કે કૃતિસર્જન થતું હોય ત્યારે જે-તે પ્રદેશની પ્રાકૃતિક આભા, વિશેષતા એના સર્જનમાં જાણે-અજાણે આવતી જ હોય છે. સાહિત્ય સર્જનમાં જે-તે પ્રદેશની વિશેષતાઓ અને વિભિન્નતાઓનું દર્શન પ્રદેશ વિશેષના સાહિત્ય એટલે કે પ્રાદેશિક સાહિત્યમાં થતું હોય છે.

જે-તે પ્રદેશનું જીવન જે-તે પ્રદેશમાં બનેલી ઘટનાઓ, સમસ્યાઓને સાહિત્યમાં રજૂ કરવામાં આવે છે.તેમાં થતું વાસ્તવિક નિરૂપણ જે-તે પ્રદેશને તેની સ્થિતિને સમજવામાં ઘણું ઉપકારક બની રહે છે.જેમાં પ્રાદેશિકતાના ઘટક તત્ત્વો જેવા કે સ્થળ, પ્રકૃતિ, તળપદ જાતિઓ, તેમની પરંપરાઓ, બોલી, રીતરિવાજો, ઉત્સવો, વ્યવસાય, પોષાક, ખાનપાન, જનસ્વભાવ, શારીરિક સૌષ્ઠવ તેમનું લોકસાહિત્ય વગેરેનું આલેખન થયેલું હોય છે.સાહિત્યમાં પ્રાદેશિકતા એ એની એવી શાખા છે કે જેમાં જે-તે પ્રદેશનું પ્રાદેશિકજીવન, ભાષા, વાતાવરણ, તેના વાસ્તવિક રૂપ સાથે પ્રગટે છે. કોઈ પણ પ્રદેશને સમજવા માટેનું માધ્યમ તેનું આવું પ્રાદેશિક સાહિત્ય બની રહે છે.

દરેક પ્રદેશ પોતાની ભાતીગળ વિવિધતા માટે જાણીતો હોય છે.જેમ કે કચ્છની શુષ્કતા, ત્યાંના લોકજીવનની સમસ્યાઓ ત્યાંના સાહિત્યમાં પ્રતિબિંબિત થયેલી જોઈ શકાય છે.તો એ જ પ્રમાણે દક્ષિણ ગુજરાતના સાહિત્યમાં આપણને આદિવાસી સંસ્કૃતિ, ત્યાંનું લોકજીવન, ખાનપાન, રીતરિવાજો, ઉત્સવો, પોશાક, પરંપરાઓ આ બધું જ આપણે ત્યાંના સાહિત્યમાં વણાયેલુ જોઈ શકીએ છીએ.એટલે કે પ્રાદેશિક સાહિત્યમાં આપણે જે-તે પ્રદેશને ઉભરતો જોઈ શકીએ છીએ.સાંપ્રત સમયનો સર્જક હોય કે રામાયણ મહાભારતના રચિયેતા હોય તેઓ પ્રાદેશિકતાને પોતાના સાહિત્યમાં નકારી શકયા નથી.એટલે કે પ્રાદેશિકતા એ માનવીના જીવન સાથે એક અનોખો અનુબંધ ધરાવે છે.જે તેના સાહિત્યમાં અવતરે છે.આથી સાહિત્ય અને પ્રાદેશિકતા એકબીજા સાથે અભિન્ન રીતે જોડાયેલા છે. અહીં સાહિત્ય અને પ્રાદેશિક્તાના પૂરક સંબંધ વિશે વાત કરી છે.

## ૧.૨ આધુનિકતાની પ્રાદેશિકતા પર અસર :

વિશ્વમાં સૌ-પ્રથમ અઢારમી સદીના મધ્યભાગથી પશ્ચિમ યુરોપમાં ઔદ્યોગીકરણની શરૂઆત થયેલી.જેનાથી ગામડાઓના ગ્રામોદ્યોગ અને ગૃહઉદ્યોગો ભાંગી પડયા.ઔદ્યોગિક ક્રાંતિને પરિણામે આવેલી નવી યાંત્રિક વ્યવસ્થાને લીધે કારીગરો બેકાર બન્યાં.જેથી વ્યાપાર અને રોજગાર અર્થે મોટા પ્રમાણમાં સ્થળાંતરણ થવાનું ચાલુ થયું.શહેરોમાં ખુલેલી મિલો અને કારખાના આવા બેકાર શ્રમજીવીઓનું આશ્રયસ્થાન

બન્યાં.જેને શહેરીકરણને જન્મ આપ્યો.શહેરોમાં રોજીરોટી માટે આવેલા આ શ્રમજીવીઓ માટે રહેઠાણની સમસ્યા ઉદભવી જેથી ઘરવિહોણા આ શ્રમજીવીઓ સ્લમવિસ્તારોમાં રહેવા મજબૂર બન્યાં.જ્યાં તેઓ અનેક સમસ્યાઓ અને રોગોના ભોગ બન્યાં. તેમની આવી દયનીય સ્થિતિ સાહિત્યમાં નિરુપાઈ છે.ઉદ્યોગોમાં માનવીનું સ્થાન યંત્રોએ લીધું અને આ યંત્રો માનવ સંવેદનોને ઓળખતા ન હતા.અનેક પ્રદેશોમાં આવા ઔદ્યોગિક એકમો સ્થાપવામાં આવ્યા જેથી ખેડૂતો પણ જમીન વિહોણાં બન્યાં. કચ્છ જેવા પ્રદેશની વાત કરવામાં આવે તો પહેલા ૨૦૦૧માં આવેલો ભૂકંપ અને ત્યારબાદ શરૂ થયેલા ઔદ્યોગીકરણની અસર ત્યાંના જનજીવન પર વ્યાપક રીતે જોઈ શકાય છે.

ઔદ્યોગીકરણ અને શહેરીકરણની માનવ જીવનમાં જે અસરો જન્મી એના લીધે શહેરી સમાજમાં જાતિ, ધર્મ, વ્યવસાય અને લોકોના જીવનધોરણ વગેરે બાબતોને લઈને વિવિધતા આવતી ગઈ જેથી ઘણી સમસ્યાઓ જન્મી અને આ સમસ્યાઓ એ માનવીના જીવનમાં અનેક પ્રશ્નો ઉભા કર્યા. જેથી ગામડાનો માણસ ત્યાં ગૂંગળામણ, ઉદાસીનતા, એકલતા અનુભવવા લાગ્યો અને શહેરીકરણનો સીધો પ્રભાવ તેની વિચારસરણી પર પડે છે.આનાથી ત્રસ્ત માનવીનું જીવન એની સમસ્યાઓ, પ્રશ્નો સંવેદનોને સાહિત્યમાં આકાર આપવામાં આવે છે.

ગુજરાતી વાર્તાકારોની વાર્તાઓમાં આ સ્થિતિ નિરુપાઈ છે.'ગોવિંદનું ખેતર' (ધૂમકેતુ) 'સર્વનાશ' (દુર્ગેશ શુક્લા) 'યંત્ર પર નહિ જતા'(બકુલેશ) 'મરીન ડ્રાઈવના દીવા'(કેતન મુનશી) 'સ્વપ્નનો ભંગાર'(કેતન મુનશી)' 'માનના અધિકારી'(પીતામ્બર પટેલ)'આંખના અંધારા'(ચુનીલાલ મડિયા)'પેકાર્ડનો પ્રવાસ'(સુન્દરમ) 'જમીનદાર' (સુન્દરમ) 'ખુલ્લું આકાશ' (ઈશ્વર પેટલીકર) જેવી વાર્તાઓમાં આપણે શહેરીકરણ અને ઔદ્યોગીકરણમાં ભીંસાતા માનવની કરુણતાને પ્રત્યક્ષ થતી જોઈ શકીએ છીએ.

ઈ.સ ૧૯૦૦માં લખાયેલી 'શાંતિદાસ' વાર્તા ઔદ્યોગીકરણ સામેની ચેતવણીરૂપ વાર્તા હતી. ગ્રામ્યસંસ્કૃતિ અને શહેરીસંસ્કૃતિ આ બંનેય વચ્ચેનો ભેદ પાડતી વાર્તા 'ગોવિંદનું ખેતર' છે. આ વાર્તામાં ઘર-સીમ-ખેતર અને મૂળથી દૂર ગયેલો રઘુનાથ મહારાજનો પુત્ર શહેરમાં જઈને ક્ષય જેવા મહારોગનો શિકાર બને છે. નગરની ભભકાદાર જિંદગી, યંત્ર-સંસ્કૃતિના સ્વાર્થી સંબંધો, જરૂરિયાત પૂરતી વાતો બધાથી ખવાઈ ગયેલો ગોવિંદ અંતે પોતાના વતનમાં પાછો આવે છે અને મૃત્યુ પામે છે.ગામડાની સંસ્કૃતિમાં રહેલો માણસ શહેરમાં તેની પ્રાદેશિકતા ગુમાવી મૃત્યુ વ્હોરે છે.રા.વિ.પાઠકની વાર્તા 'મુકુન્દરાય' માં પણ શહેરમાં મુકુન્દ ભણવા જાય છે.શહેરના રંગે રંગાઈને જયારે તે ગામડે પાછો આવે છે ત્યારે તે સંપૂર્ણ શહેરનો થઇ ગયો હોય છે.શહેરી આબોહવા તેનું માનસ બદલી નાખે છે.ઈશ્વર પેટલીકરની વાર્તા 'ખુલ્લું આકાશ'માં ઉદ્યોગો અને શહેરી જીવનની સંકડાશથી મૂંઝાતી સ્ત્રીની વેદના અતિ નાજુક રીતે પ્રગટ થઇ છે. તો બકુલેશ પાસેથી આપણને 'યંત્ર પર નહિ જતા', 'ધરતીના પેટાળમાં', 'ભૂખ', 'ધરતીની કેડીઓ' અને 'મોતના પડછાયા' જેવી વાર્તાઓ મળે છે.પન્નાલાલ પટેલની 'સુખ-દુઃખના સાથી' દુર્ગેશ શુક્લાની 'પેલા ભવના વેરી' અને ચુનીલાલ મડિયાની 'આંખના અંધારા' જીવનની અંતિમ ક્ષણોમાં મ્યુનિસિપલ દીવાના ઝાંખા પ્રકાશમાં મોલ ભરેલા ખેતરના સપના જોતો નાયક આ શોષણની જ નીપજ છે.ઔદ્યોગીકરણની કમાણીએ જીવતા માણસને એક

બાજુ હડસેલી મુક્યો અને ધનના ઢગલાને વહાલા ગણ્યાની ઘટના ઝવેરચંદ મેઘાણીની 'કડેડાટ' વાર્તામાં ચોટદાર રીતે આલેખાઈ છે.

છેલ્લા એકાદ-બે દાયકા પર નજર કરતા સ્પષ્ટ જણાઈ આવે છે કે શહેરીકરણ એ ઔદ્યોગી કરણની દેન છે. અને આ બંને એક બીજા માટે પૂરક છે. શહેરીકરણને કારણે નાગરીય જીવનશૈલી અને તેના કારણે અમીરો અને ગરીબો વચ્ચેની ખાઈ વધુ પહોળી બને છે.અને આ વિષયને ઝીલતી વાર્તા 'ધારો કે આ વાર્તા' (હિમાંશી શેલત) 'સાતમાં આસમાનની ભોંય' (હિમાંશી શેલત) 'બૂફે' (બિપિન પટેલ) 'પતિ પત્ની અને'–(નવનીત જાની) 'ઈન્ટેલેકચ્યુઅલ ઇન્દુભાઇ' (મહેન્દ્રસિંહ પરમાર) 'ઓથાર' (ભીનલ દવે)' 'ટીફીનબોમ્બ' (અજય ઓઝા) છે. ભૂકંપ પછી કચ્છમાં કંપનીઓ આવતા બદલાયેલ કચ્છની છબી માવજી મહેશ્વરીની 'દરિયો', 'ખોવાઈ ગયેલું ગામ','બાપાની માટી','પલટાતો પવન', રાજેશ વણકરની 'ધડાકો' અને 'આંબલીઓ' વાર્તા. સંજય ચૌહાણની 'મોલ' ,મોહન પરમારની 'ઘોડાર'જેવી વાર્તાઓમાં આલેખન પામી છે.

આમ, કોઈ પણ પ્રદેશ પોતાના વિસ્તારના વિકાસ માટે આ સાંપ્રત સમયમાં ઔદ્યોગીકરણને સ્વીકારે જ છે.અને ઔદ્યોગીકરણને કારણે શહેરીકરણ થાય છે.નવા પરિવેશ વાતાવરણમાં આવતો ગામડાનો માણસ શહેરમાં ઘૂંટાય છે.એની વેદના, વ્યથા વાર્તામાં રજૂ થાય છે.જે-તે પ્રદેશનો વાર્તાકાર તે પ્રદેશ, તેની ભૌગોલિકતા, ઈતિહાસ, આ બધું જ વાર્તામાં આલેખે છે.

બીજા વિશ્વયુદ્ધ પછી વિજાણુંક્રાંતિ થાય છે. તેના લીધે સમગ્ર વિશ્વ સેટેલાઈટ કોમ્યુનિકેશનથી જોડાવા માંડ્યુ હતું.સમગ્ર સાંસ્કૃતિક ક્ષેત્રે આજે માહિતીતંત્ર વિજ્ઞાનને પરવશ છે.મૌખિક પરંપરા પર સરસાઈ કરીને આવેલી લેખન પરંપરા ઈલેકટ્રોનિક તાબે થઇ છે.લેખન પુસ્તકો અને ગ્રંથાલયો એ જે ભાગ ભજવ્યો એની જગ્યા હવે ટેલિવિઝન,ટેઇપ રેકોર્ડ્સ, કોમ્પ્યુટર્સ વગેરેએ લીધી છે.આજના સમયમાં ગેજેટ્સ માનવજીવન સાથે એવા જોડાઈ ગયા છે કે જો એને માનવ જીવનમાંથી હટાવી દેવામાં આવે તો માનવ પાંગળો બની જાય.આથી આધુનિકતાએ માનવજીવનને પરવશ બનાવીં દીધું છે.જેની અસર પ્રાદેશિકતા પર પણ જોઈ શકાય છે.સમૂહ માધ્યમોએ પ્રાદેશિક જીવન પર પણ ઘેરી અસર કરી છે.સ્માર્ટફોન, ટેબલેટ, ઇન્ટરનેટ, જેવી આધુનિક સુવિધાઓની અસર આપણે શહેરના લોકોથી લઇ છેવાડાના માણસ સુધી ફેલાયેલી જોઈ શકીએ છીએ.ખેતરમાં ગાય-ભેંસો ચરાવનાર ગોવાળનું ધ્યાન મોબાઈલમાં હોય છે.ઘરમાં એક સાથે ભેગા થયેલા પાંચ સદસ્યો પોતપોતાના મોબાઈલમા જ મશગૂલ હોય છે.તો પારંપરિક વાનગીઓની જગ્યા હવે પિઝ્ઝા, બર્ગર, જેવી વિદેશી વાનગીઓ એ લીધી છે.પોશાકમાં પણ આધુનિકતાનું અનુકરણ જોઈ શકાય છે.પ્રાદેશિક પોશાકનું સ્થાન આજે વિદેશી પોશાકોએ લીધું છે. પરંપરીત લગ્નોમાં જે રીતરિવાજો હતા એની જગ્યા હવે આધુનિક ઢબના લગ્નોએ લીધી છે. જેમાં રિવાજોને એટલું મહત્વ આપવામાં આવતું નથી. કોઈ એક પ્રદેશનો માણસ પોતાની પરંપરાને સાથે લઇને ચાલશે તો પણ આધુનિકતાની અસરથી એ છુટી શકે નહિ. એટલે કે આધુનિકતાનો વિચાર સતત વિસ્તરતો જાય છે. અને આપણે એમ કહી શકીએ કે આધુનિકતા પ્રાદેશિકતાને સીધી જ અસર કરે છે. આમ આ પ્રકરણમાં અહીં આધુનિકતા અને પ્રાદેશિકતાના સંબંધ વિશે વાત કરી

છે.ગુજરાતી ટૂંકીવાર્તાઓમાં પ્રાદેશિકતા અને આ પ્રાદેશિકતા પર આધુનિકતાની અસર,એનાથી ગુજરાતી વાર્તાસાહિત્યમાં જે બદલાવ દેખાય છે તે વિષયક અહીં અભ્યાસ રજૂ કરી આપ્યો છે.

**પ્રકરણઃ ૨ મધ્ય ગુજરાતની ટૂંકીવાર્તાઓમાં પ્રાદેશિકતા :**

આ પ્રકરણમાં મધ્ય ગુજરાતની પ્રદેશ વિષયક લાક્ષણિકતાઓ વિશે વાત કરી છે.મધ્ય ગુજરાત એટલે ગુજરાતના મધ્યભાગમાં આવેલો પ્રદેશ.તેના તમામ જીલ્લાઓ લગભગ સમાન બોલી, સંસ્કૃતિ, અને વારસો ધરાવે છે.આ જિલ્લાઓમાં વડોદરા, આણંદ (ચરોતર તરીકે ઓળખાય) ખેડા, પંચમહાલ, દાહોદ, છોટાઉદેપુર અને મહીસાગરનો સમાવેશ થાય છે.

આ પ્રદેશની વાર્તાઓમાં ચરોતર,પંચમહાલના મહીકાંઠાનો તળપ્રદેશ, દાહોદ, છોટાઉદેપુરનું આદિવાસી જીવન, વિચરતી અને વિમુક્ત જાતિઓની સમસ્યાને વાંચા આપતી તળપ્રદેશની બોલીઓનો વિશિષ્ટ રીતે વિનિયોગ કરતી, ગ્રામચેતના તેના સામાજિક, આર્થિક, ધાર્મિક, પ્રશ્નોને પ્રસ્તુત કરતી અનેક વાર્તાઓ પ્રાપ્ત થઇ છે. અહીં આ વાર્તાઓને પ્રાદેશિકતાના તત્ત્વના સંદર્ભે તપાસી છે. આ માટે આ પ્રદેશના વાર્તાકારોની પસંદ કરેલી વાર્તાઓ લઇ તેનો અભ્યાસ કરીને પ્રાદેશિકતાનું તત્ત્વ વાર્તા માટે કેટલું અને કેવું ઉપકારક બની રહ્યું છે.જે –તે પ્રદેશની સાચી છબી વાર્તામાં કેવી પ્રગટ થઇ છે તેનું તાર્કિક વિશ્લેષણ કરી આપ્યું છે.

અભ્યાસ માટે આ મુજબ વાર્તાઓ પસંદ કરી છે.

૨.૧ છગનાને ન સમજાતા સવાલો-જોસેફ મેકવાન

૨.૨ છત્રી-પુરુરાજ જોશી

૨.૩ મીઠા વગરનો રોટલો-ભગીરથ બ્રહ્મભટ્ટ

૨.૪ રાતવાસો- મણિલાલ.હ પટેલ

૨.૫ બદલી- મણિલાલ.હ પટેલ

૨.૬ ડેરો- કાનજી પટેલ

૨.૭ રાણા પ્રતાપના વંશજ-કાનજી પટેલ

૨.૮ આંબલીઓ-રાજેશ વણકર

## ૨.૧ છગનાને ન સમજતા સવાલો-જોસેફ મેકવાન :

'વ્યથાના વીતક' રેખાચિત્રથી અને 'આંગળિયાત' નવલકથાથી ખ્યાતનામ થયેલા જોસેફ મેકવાન એ દલિત વાર્તાસાહિત્યમાં પોંખાયેલું નામ છે.તેમની પાસેથી 'સાધનાની આરાધના' 'પન્નાભાભી' 'આંગળો' 'ફરી આંબા મ્હોરે' 'આર્કિડના ફૂલ' જેવા વાર્તાસંગ્રહો મળ્યા છે.અહી તેમના 'ફરી આંબા મોહરે' વાર્તાસંગ્રહમાંથી 'છગનાને ન સમજાતા સવાલો' વાર્તાને પ્રાદેશિકતાના સંદર્ભે અભ્યાસમાં લીધી છે.વાર્તામાં કથાનાયક છગનો આદિવાસી છે.એના બાપે કુમલી સાથે એના બાળવિવાહ કુમલીના બાપને મોં માગ્યા ત્રણ હાજર રુપિયા રોકડા આપીને નક્કી કરેલા. પણ કુમલીનો બાપ એને બીજે વળાવવા તૈયાર થયો છે.અહીં છગનાને અન્યાય થાય છે.આ ઉપરાંત છગનાનું સમાજના સવર્ણો દ્વારા જે પ્રકારે શોષણ થાય છે ત્યાં આપણે મનુષ્ય દ્વારા થતું મનુષ્યનું શોષણ અને એની નગ્ન વાસ્તવિકતા પ્રગટ થતી જોઈ શકીએ છીએ.વાર્તામાં સામાજિક, આર્થિક, શોષણનો ભોગ બનતું પાત્ર છગનો અને તેના મનમાં ઉઠતા અનેક સવાલો પણ વણઉકલ્યા જ રહે છે.વાર્તામાં તળબોલી, પ્રાદેશિક રીતરિવાજો, પરંપરા, આદિવાસી લોકજીવન અને એમનું શોષણ, તેમના પ્રસંગોનું વર્ણન આ બધા તત્વો પ્રાદેશિક વાતાવરણને તાદશ કરી આપે છે.

## ૨.૨ છત્રી-પુરુરાજ જોશી :

પુરુરાજ જોશી પાસેથી 'સોનેરી માછલીઓનો સળવળાટ', 'માયાવિની', 'આકાશગંગા' જેવા વાર્તાસંગ્રહો મળ્યા છે.અહીં તેમના 'આકાશગંગા' વાર્તાસંગ્રહમાંથી 'છત્રી' વાર્તાને ઘડવામાં પ્રાદેશિકતા કેવી ઉપકારક બની છે એ તપાસ્યું છે.વાર્તામાં ભાથી એના જીવનની એકલતા અને એનું જીવનવાસ્તવ પ્રત્યક્ષ થયું છે.ભાથી મિત્રોના કહેવાથી બીજા લગ્ન કરવા તૈયાર થાય છે પણ અંતે છોકરી જોવા જવાનું માંડી વાળે છે.એક તરફ પુત્ર અને પત્ની ગુમાવી બેઠેલો ભાથી અને એની એકલતા વાર્તામાં સર્વત્ર વ્યાપેલા જોવા મળે છે. મધ્ય ગુજરાત અને એમાંય ચરોતર પ્રદેશનું પ્રાદેશિક જનજીવન, એના રીતરિવાજો, રહેણીકરણી, તળબોલી અને એની પ્રાસંગિકતા વાર્તામાં પ્રાદેશિક રંગ ઉઘાડી આપે છે.

## ૨.3 મીઠા વગરનો રોટલો- ભગીરથ બ્રહ્મભટ્ટ:

ભગીરથ બ્રહ્મભટ્ટ પાસેથી 'નાઈટલેમ્પ' અને 'મીઠા વગરનો રોટલો' એમ બે વાર્તાસંગ્રહો મળે છે.અહીં તેમના વાર્તાસંગ્રહ 'મીઠા વગરનો રોટલો' માંથી મૂળ શીર્ષકવાળી 'મીઠા વગરનો રોટલો' વાર્તાને પ્રાદેશિકતા સંદર્ભે તપાસી છે.ગ્રામીણ પરિવેશમાં શ્વસતા ઉજમબા દુ:ખી એ વાતે છે કે સગા ભત્રીજાના મંગલ પ્રસંગે બાજુવાળા પાડોશીને ત્યાં કંકોતરી આવી પણ પોતાને હજુ કોઈ આમંત્રણ મળ્યું નથી.આ ઘટના તેમની વેદના સંવેદનાને ઉભરાવવામાં અસરકારક બની રહે છે.સમયના વહેણ સાથે ઘસાય ગયેલા, લોહીની સગાઈ ધરાવતા સ્વજન સાથેના સ્મૃતિશેષ સંબંધ અલૂણા રોટલા જેવા બેસ્વાદ બની જાય ત્યારે તેની વેદનાનું વજન જીરવવું દોહ્યલું થઇ પડે છે.આ ઘટના વાર્તાને પ્રતીકાત્મક બનાવે છે.વાર્તાને ઘડવામાં પ્રાદેશિક તળબોલી અને ગ્રામ્યપરિવેશ ઘણા ઉપકારક બની રહ્યા છે.તળજીવન સાથે ગાઢ રીતે જોડાયેલા પાત્રો એમની ક્રિયા-પ્રતિક્રિયાઓ વાર્તામાં પ્રાદેશિકતાના તત્ત્વને ઉજાગર કરી આપે છે.

## ૨.૪ રાતવાસો-મણિલાલ હ.પટેલ :

સાંપ્રત સમયમાં કવિ, નિબંધકાર, નવલકથા, નવલિકાકાર તરીકે મણિલાલ હ.પટેલ જાણીતા છે.તેઓ વાર્તાકાર તરીકે વધુ પોંખાયા છે.તેમની પાસેથી 'રાતવાસો' 'હેલી' 'બાપનો છેલ્લો કાગળ'નામક વાર્તાસંગ્રહો મળે છે.સ્ત્રી-પુરુષના સંકુલ સંબંધો, ગ્રામ્યજીવન, નગરજીવનના પ્રશ્નો તેમની વાર્તાઓમાં તારસ્વરે નિરુપાય છે.ગ્રામજીવનની વાર્તાઓમાં પ્રાદેશિકજીવન, તળબોલી, ગ્રામ્યચેતના, તળજીવન નિરુપાયા છે. અહીં તેમના'રાતવાસો' વાર્તાસંગ્રહમાંથી મૂળ શીર્ષકવાળી વાર્તા 'રાતવાસો'માં પ્રાદેશિકતાના તત્ત્વને ઉજાગર કર્યું છે. 'રાતવાસો' વાર્તાની નાયિકા વાલી પિતાના અકાળ અવસાનને કારણે નાનપણમાં સગપણને/સંબંધને સાચવી લેવાની ઉતાવળને કારણે કાચી વયે તેના લગ્ન લેવાયેલા.પતિનું અનઘડપણું અને ગામના રમણ સોની સાથેનો મુગ્ધપ્રેમ એક તબક્કે તેને જંપ લેવા દેતા નથી.આ વાત તેની મા શાંતા પણ જાણે છે પણ એ કઈ પણ કહી શકતી નથી કારણકે એક સમયે ઘાસની ઓગલીઓમાં તેને પણ પોતાની જાતીય તૃપ્તિ માણેલી.અંતે વાલી સાસરે ઉપડી જાય છે.વાર્તામાં ગ્રામ્યપરિવેશ, તળબોલી, ગામડાનું જીવન, ગામડાની પ્રાકૃતિક આભા, રીતરિવાજો, જન સ્વભાવ, કૃષિજીવન આલેખવામાં આવ્યાં છે.જે પ્રાદેશિકતાને મૂર્ત કરી આપે  છે.

## ૨.૫ બદલી –મણિલાલ હ. પટેલ

અહીં મણિલાલ પટેલે સમાજ અને એના જડ રિવાજો અને એને લીધે સ્ત્રીને જે વેઠવાનું થાય છે એ વાસ્તવિકતાને પ્રગટાવી આપી છે.આ માટે લેખકે પોતાના જ સમાજને ઉદાહરણ રૂપ મૂકી આપ્યો છે.'બદલી' વાર્તામાં સમાજ,તેની કઠોરતા અને સંવેદનજડ ચહેરો ઉપસ્યો છે.વાર્તાની નાયિકા અંબા છે.તેનો પહેલો પતિ રાયજી માસ્તર છે.અંબાને સમાજમાં પ્રવર્તિત સાટાના રિવાજનું ભોગ બનવું પડે છે.અને રાયજી માસ્તરથી અલગ થવું પડે છે.ત્યાર બાદ અંબા રેવજી સાથે ફરી સંસાર માંડે છે. રેવજી બધું જ જાણે છે તેથી તે અંબાને સાચવવાનો પ્રયત્ન કરે છે.અને થોડા જ સમયમાં રાયજી માસ્તરની બદલી અંબાના ગામમાં જ થાય છે. અને અંબા રાયજીને અનાયાસે બદલી કરવાનું કહે છે. અને માસ્તર બદલી કરાવી દે છે. આ ઘટના અંબાને હચમચાવી મુકે છે.સમાજની રૂઢિઓ, પરંપરાઓ, અને રિવાજોનો ભોગ બનતી સ્ત્રી અને એની સ્થિતિ, ગ્રામ્ય પરિવેશ, બોલી કૃષિજીવન, જનસ્વભાવ આ બધા જ તત્ત્વો વાર્તામાં પ્રાદેશિકતાને મૂર્ત કરી આપે છે.

## ૨.૬ ડેરો - કાનજી પટેલ :

કાનજી પટેલ પાસેથી 'ડેરો' વાર્તાસંગ્રહ મળે છે.તેમની વાર્તાઓમાં વન્યજીવન જીવતા લોકોના પ્રશ્નો, સમસ્યાઓ, સંવેદનાઓનું નિરૂપણ જોવા મળે છે.તેમના આ વાર્તાસંગ્રહમાંથી 'ડેરો' વાર્તાને પ્રાદેશિકતા સંદર્ભે તપાસી છે.'ડેરો' વાર્તા વિચરતી વિમુક્ત જાતિના લોકોની સમસ્યાને-સંવેદનોને રજૂ કરે છે.આ લોકો ગામે-ગામ ડેરો બાંધીને કામચલાઉ રહેઠાણ કરે છે.જેમાં મદારી, વાઘરી, બજાણિયા, નાયક જેવા લોકોનું જીવન, વ્યથા, વેદના દેખાય છે.અહી કથાનાયક રમઝૂનાથ વણઝારા કોમનો છે.તે મદારીકોમની છોકરીના પ્રેમમાં પડી તેની સાથે લગ્ન કરી મદારી તરીકેનું જીવન સ્વીકારે છે.અને અનેક જગ્યાએ ડેરો નાખી ખેલ બતાવી પોતાના પરિવારનું ભરણપોષણ કરે છે.પરંતુ સરકારનો પ્રાણીઓ પર અત્યાચાર ન થાય એ માટેનો કાયદો તેની માટે

શાપરૂપ બની રહે છે. અને એની અસર આ લોકોના જીવન પર થાય છે.મદારી કોમના લોકોનું થતું શોષણ, પંચમહાલના ગામડાઓનો પરિવેશ, વ્યવસાય, પરંપરા, તળબોલી વાર્તામાં પ્રાદેશિક સંદર્ભ ઉભો કરી આપે છે.

## ૨.૭ રાણા પરતાપના વંશજ-કાનજી પટેલ

અહીં પણ કાનજી પટેલે વિચરતી વિમુક્ત જ્ઞાતિ એવી લુહારીયા કોમને કેન્દ્રમાં રાખીને એમના શોષણ અને જીવનની વાસ્તવિકતાને વાંચા આપી છે.લુહાર કોમની રહેણીકરણી, તેમની સમસ્યાઓ, અને સંઘર્ષની આ કથા બની રહે છે. મેઘો લુહાર કે જે પોતાને રાણા પ્રતાપનો વંશજ માને છે. તે પત્ની શકરી સાથે લુહારીકામ કરી પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે.પોતાનું મકાન ન હોવાથી મેઘાને એક ગામથી બીજા ગામ આમથી તેમ ફરતા રહેવું પડે છે.વાર્તાના અંતમાં ગામલોકોના વિરોધથી થાકીને ઘરવિહોણો મેઘો પોતાની પત્ની અને નાની બાળકી એમ પરિવાર સમેત નિકળી પડે છે. એક નવા ગામની શોધમાં જ્યાં તેના જેવા અનેક ઘરવિહોણાંને સમજે તેવા પ્રદેશમાં.અહીં વાર્તામાં આખો ગ્રામ્યપરિવેશ, લુહારીયા જાતિ તેમની બોલી, પોશાક, ખાનપાન, ભટકતુંજીવન, આ બધું પ્રાદેશિક બની રહે છે.

## ૨.૮ આંબલીઓ- રાજેશ વણકર :

રાજેશ વણકર પાસેથી 'માળો' વાર્તાસંગ્રહ મળે છે.તેમની વાર્તાઓમાં મનુષ્ય,તેનું જીવન, નિર્દોષતા, અને ગ્રામ્યચેતનાનો વિસ્તાર પ્રત્યક્ષ થાય છે.અહીં તેમની 'આંબલીઓ' વાર્તાને પ્રાદેશિકતા અને એની પ્રસ્તુતતા સંદર્ભે મુલવી છે.'આંબલીઓ'માં પંચમહાલના છેવાડાના વિસ્તારનો પરિવેશ નિરૂપાયો છે.ભૌગોલિક દૃષ્ટિએ એ પંચમહાલ–દાહોદ જિલ્લામાં રમણીય એવા જંગલો, ડુંગરો, નદીઓ, તળાવો વગેરે છે.ઉપરાંત આ વિસ્તારની આદિવાસી સંસ્કૃતિ સમૃદ્ધ વારસો ધરાવે છે.તેમના લોકગીત, લોકકથાઓ, લોકવાદ્યો, ઉત્સવો, મેળાઓ ,ધાર્મિક પ્રસંગો વગેરે વર્ષોથી ઉજવાય છે.પરંતુ સ્થળાંતરને કારણે આ સંસ્કૃતિ ધીરે ધીરે અસ્ત થઇ રહી હોવાનું જોવા મળે છે.વાર્તામાં કંચુ, મધુ, ધમલો, રૂપલી, ગ્રામસેવકના પાત્રો દ્વારા આ સમસ્યાઓને નિરૂપી છે. શહેરમાં રહેતા લોકો અને ગામડાના લોકો વચ્ચેનો વિરોધાભાસ અહીં પ્રગટે છે. બે છોકરીઓના મીઠા ઝગડાથી શરૂ થતી આ વાર્તા તેની લોકબોલી, પ્રકૃતિ, ગ્રામ્યપરિવેશ, અને માનવીય સંવેદનોને રજૂ કરતી આગળ વધે છે.ગ્રામીણ આદિવાસી જીવન, એની બોલી, પ્રાકૃતિક આભા, ડુંગરાળ વિસ્તાર, ખાનપાન આ બધાં જ ઘટકોમાં પ્રાદેશિક સંદર્ભ જોઈ શકાય છે.

આમ, આ પ્રકરણમાં મધ્ય ગુજરાતના આ આઠ સર્જકોની આઠ વાર્તાઓને પ્રાદેશિકતાના ઘટક તત્ત્વોને આધારે તપાસી અભ્યાસમૂલક તથ્યો રજૂ કરી આપ્યાં છે.

**પ્રકરણ :૩ ઉત્તર ગુજરાતની ટૂંકીવાર્તાઓમાં પ્રાદેશિકતાઃ**

ગુજરાત રાજ્યની ઉત્તરે આવેલા ગાંધીનગર, સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા એમ પાંચ જિલ્લોનો વિસ્તાર ઉત્તર ગુજરાત તરીકે જાણીતો છે.જેને લોકપરંપરાગત બોલીમાં જતવાડ, નળકાંઠો, ચુવાડ, વાગડ, વઢિયાર, ડીસાવર, હિંદવાણી, મેવાસ જેવા વિવિધ નામોથી પ્રાદેશિકતા અનુસાર ઓળખવામાં આવે છે. આ પ્રદેશ વેદ પ્રસિદ્ધ 'આનર્ત' પ્રદેશ તરીકે પણ જાણીતો છે.

આ પ્રદેશમાંથી ગુજરાતી સાહિત્યને ઘણા વાર્તાકારો મળ્યા છે.તેમની વાર્તાઓમાં આ પ્રદેશનું લોકજીવન, તળબોલી, રીતરિવાજો, પરંપરાઓ, માન્યતાઓ, શ્રદ્ધા, અંધશ્રદ્ધા, સમસ્યાઓ, વેદના, વ્યથા, શોષણ આ બધું જ નિરૂપાયું છે.જે વાર્તાઓમા પ્રાદેશિક સંદર્ભ ઉભો કરી આપે છે. આ પ્રકરણમાં આવી વાર્તાઓ પસંદ કરીને પ્રાદેશિકતા સંદર્ભે અભ્યાસ રજૂ કર્યો  છે.

જેમાં નીચે પ્રમાણેની વાર્તાઓ પસંદ કરી છે.

3.૧ મંદિરની પછીતે –રઘુવીર ચૌધરી

3.૨ ખેતર - રામચંદ્ર પટેલ

3.3 કાતોર - દલપત ચૌહાણ

3.૪ નકલંક  – મોહન પરમાર

3.૫ કરિયાવર – બિપિન પટેલ

3.૬ દેવચકલી – પ્રભુદાસ પટેલ

3.૭ રમત – દશરથ પરમાર

3.૮ સહી – કલ્પેશ પટેલ

3.૯ જા એમ.ઓ.યુ.રદ ... – સંજય ચૌહાણ

**3.૧ મંદિરની પછીતે -રઘુવીર ચૌધરીઃ**

રઘુવીર ચૌધરી વાસ્તવ સાથે સીધી નિસબત રાખનારા વાર્તાકાર છે.એમની વાર્તાઓમાં વ્યક્તિ અને સમાજનું આલેખન જોવા મળે છે.પ્રાદેશિકતા તેમની વાર્તાઓમાં ભારોભાર પડેલી છે.તેમની પાસેથી

'આકસ્મિક સ્પર્શ' 'ગેરસમજ' 'નંદીઘર' 'અતિથિગૃહ' 'દસનારી ચરિત' 'વિરહિણી ગણિકા' 'મંદિરની પછીતે' 'સાંજનો છાયો' 'જિંદગી જુગાર છે' 'પ્રાણપ્રતિષ્ઠા' જેવા વાર્તાસંગ્રહો મળે છે.

અહીં તેમના 'મંદિરની પછીતે' વાર્તાસંગ્રહમાંથી મૂળ શીર્ષકવાળી વાર્તા 'મંદિરની પછીતે'નો પ્રાદેશિકતા સંદર્ભે અભ્યાસ રજૂ કર્યો છે.વાર્તામાં નાયક દલાબંડે પોતાની જાત સાથે પોકારેલા આકરા બંડ અને સંઘર્ષની વાત છે.વાર્તાકારે ગ્રામચિત્રની સાથોસાથ અહીં ગ્રામનાયકનો આબેહૂબ ચિતાર આપ્યો છે.મંદિરની પાછળ જ કથાનું હાર્દ સમાયેલું છે.અને કથાનાયક બધી બદી છોડીને સારો માણસ બની રહે છે.આ વાર્તામાં ગામડાના સામાજિક પ્રશ્નો અને વ્યક્તિના આંતર-બાહ્ય વ્યક્તિત્વનું આલેખન કરવામાં આવ્યું છે.તળપદ બોલી, ગ્રામ્યપરિવેશ વાર્તાને ચોટદાર બનાવી પ્રાદેશિક સંદર્ભ પૂરો પાડે છે.વાર્તામાં પ્રયોજાયેલી તળબોલી, જનવ્યવહાર, રીતરિવાજો, માન્યતાઓ આ બધા ઘટકો થકી વાર્તામાં પ્રાદેશિકતાનો અવિર્ભાવ થયો છે.

### ૩.૨ ખેતર -રામચન્દ્ર પટેલ :

રામચંદ્ર પટેલ સાંપ્રત સમયના કવિ, નિબંધકાર અને વાર્તાકાર છે.એમની પાસેથી 'સ્થળાંતર' 'બગલથેલો' અને 'અગિયાર દેરા'જેવા વાર્તાસંગ્રહો મળે છે.એમની વાર્તાઓમાં ગ્રામ્યજીવન અને પ્રકૃતિના તત્ત્વોનું આલેખન જોવા મળે છે.અહીં તેમના 'અગિયાર દેરા' વાર્તાસંગ્રહમાંથી 'ખેતર' વાર્તામાં પ્રાદેશિકતાને ઉજાગર કરનારા તત્ત્વો સંદર્ભ અભ્યાસમૂલક વાત રજૂ કરી છે.ખેતરને આપણે જમીનનો એક ટુકડો જ સમજીએ છે.પરંતુ વાર્તાકાર અહીં તેને જીવંત વ્યક્તિ તરીકે ઉઠાવ આપે છે.વાર્તામાં પોતાની માટી સાથેનો લગાવ જોઈ શકાય છે.અહીં ખેતર એ કોઈ એક વ્યક્તિનું નહિ પરંતુ જીવમાત્રનું છે એ ભાવ દેખાય છે.તળબોલી, પ્રકૃતિવર્ણન અને પોતાની માટી સાથેનો અનુબંધ વાર્તાને પ્રાદેશિક સંદર્ભ પૂરો પાડે છે.કૃષિજીવન એના વ્યવહારો અને જનજીવન વાર્તામાં પ્રાદેશિકતાને મૂર્ત કરી આપે છે જે અહીં સઘન અભ્યાસ થકી રજૂ કરી આપ્યું છે.

### 3.3 કાતોર- દલપત ચૌહાણ

જેમનું સર્જકત્વ કથા-વાર્તાસાહિત્યમાં વધુ ખીલ્યું છે એવા દલિત વાર્તાકાર દલપત ચૌહાણ પાસેથી કળાત્મક વાર્તાઓ મળી છે. દલિત સમાજનો આક્રોશ, અન્યાય સામે વિદ્રોહ, સંઘર્ષ જેવા પાસાઓનું ગુણાત્મક નિરૂપણ તેમની વાર્તાઓની આગવી વિશેષતા બની રહે છે.તેમની પાસેથી 'મુંજારો' 'ડર' અને 'ભેલાણ' એમ ત્રણ વાર્તાસંગ્રહો મળે છે. અહીં પ્રથમ વાર્તાસંગ્રહ 'મુઝારો' માંથી દલિત સમસ્યા અને તેની પીડાને રજૂ કરતી વાર્તા 'કાતોર'ને પ્રાદેશિકતા સંદર્ભે તપાસી છે.ઉત્તર ગુજરાતનો લોકસમુહ એની બોલીની બળકટતાને ખપમાં લઈ સાવ સાદા, સરળ કથાવસ્તુને રજૂ કરતી 'કાતોર' વાર્તા પ્રતીકાત્મક વાર્તા છે. ખેતરમાં હેમરાજ, શનિયો, વેલજી, હથોજી રાવણું કરવા ભેગા થયા છે.રાવણા માટે શિકાર કરી લાવેલું હાહલું કોઈ જનાવર ઉપાડી લઈ જાય છે.જેથી મિજબાનીનું આખું આયોજન બગડી જાય છે.એવામાં કચરો દલિતવાસમાંથી માંગી લાવેલી કાંકણીઓ બતાવે છે. અને તે મિત્રોને કાંકણીઓ શેકીને આપે છે.વાર્તાના

ઉત્તરાર્ધમાં બનતી શિકારની ઘટના, કાંકણીઓ શેકવાની ઘટના નવો જ વળાંક લે છે.જેની કાતોર છે એ કચરા ભણી જ આભાડછેટ રાખવામાં આવે છે.એ સતત હડધુત જ થતો રહે છે.સવર્ણોની બોદી માનસિકતા અને કચરાની મનઃસ્થિતિ એના શોષણમાં આપણે વાર્તાકારની વાર્તા સૂઝ-સમજને તાગી શકીએ છીએ.રાવણું કરતા મિત્રો, દલિતો માટેનો આભડછેટ, કાંકણીયો, કાતોર આ બધા સંદર્ભો ઉપરાંત આખો ગ્રામીણ પરિવેશ, જનસ્વભાવ, ખેતી, વ્યવસાય, વ્યવહારો, રહેણીકરણી, વ્યસનો આ બધા જ પાસાઓ વાર્તામાં પ્રાદેશિકતાના તત્ત્વને મૂર્ત કરી આપે છે.વાર્તામાં તળબોલી, ગ્રામ્યપરિવેશ, દલિતોની સમસ્યા, તેમની ઉપર કરવામાં આવતા અત્યાચારનું વાસ્તવિક નિરૂપણ વાર્તાને વધુ ચોટદાર બનાવે છે.આ પાસાઓને ધ્યાનમાં લઈને આ વાર્તામાં પ્રાદેશિકતાને તપાસી છે.

### ૩.૪ નકલંક - મોહન પરમારઃ

મોહન પરમાર ગુજરાતી વાર્તાસાહિત્યમાં જાણીતું નામ છે. એક તરફ દલિત સંવેદના અને બીજી તરફ કળાત્મકતા આમ બંને પાસાઓમાં ખરી ઉતરતી એમની વાર્તાઓએ ગુજરાતી સાહિત્યમાં કાઠું કાઢ્યું છે.'કોલાહલ' 'નકલંક' 'કુંભી' 'પોઠ' 'અંચળો' 'અચરજ' જેવા વાર્તાસંગ્રહોમાં તેમની વાર્તાકાર તરીકેની પ્રતિબદ્ધતાને તાગી શકાય છે.અહીં 'નકલંક' વાર્તાસંગ્રહની મૂળ શીર્ષકવાળી 'નકલંક' વાર્તાને પ્રાદેશિકતા સંદર્ભે અભ્યાસી છે.સુદીર્ઘ એવી આ નવલિકામાં દલિત યુવક કાંતિ અને સવર્ણ સ્ત્રી દીવાના પ્રણયની વાત છે.અમદાવાદમાં મિલો બંધ થવાથી વતન પાછો આવી ક્રાંતિ પોતાના વંશ પરંપરાગત વ્યવસાયને સ્વીકારે છે.પણ તેને એમાં રસ નથી. દીવાના પતિ મંગળદાસના વિશ્વાસથી તેને કામ મળે છે. આથી તે મંગળદાસના ઘરે આવતો જતો રહે છે.મંગળદાસની પત્ની દીવા એ કાંતિની કિશોરાવસ્થાની સહધ્યાયી છે.કાંતિ અને દીવાનો પ્રણય, દીવાનું કાંતિ તરફનું આકર્ષણ, કાંતિને ભળભાખડે પોતાના ઘરે આવવાનું આમંત્રણ આપવું, દીવાને પામવાની ચાહત રાખતો અને એને હેરાન કરતો દીવાનો દિયર સેંધો, અને અંતે દીવાને મળવા ન જતો અને નકલંક રહી જતો કાંતિ આ બધા જ પાંસાઓ વાર્તાને ઘડે છે. આ સાથે સાથે દલિત સંવેદના, સવર્ણોની માનસિકતા, દલિતોનો પરંપરાગત વ્યવસાય, રીતરિવાજ, માન્યતા, જનસ્વભાવ આ બધાં જ તત્ત્વો વાર્તાને ઘડવામાં ઘણા જ ઉપકારક બની રહ્યા છે. જે વાર્તામાં પ્રાદેશિકતાને મૂર્ત કરી આપે છે.વાર્તામાં મોહન પરમારના વતન આસપાસનો ગ્રામ્યપરિવેશ,ત્યાંની તળબોલીથી પ્રાદેશિકતા ઉભરી છે.

### ૩.૫ કરિયાવર-બિપિન પટેલઃ

બિપિન પટેલ પાસેથી 'દશ્મન' અને 'જે કોઈ પ્રેમ અંશ' વાર્તાસંગ્રહો મળે છે.અહી તેમના વાર્તાસંગ્રહ 'જે કોઈ પ્રેમ અંશ' માંથી 'કરિયાવર' વાર્તાની વાત કરી છે.વાર્તા નર્મદાના જીવનની આસપાસ ગૂંથાયેલી છે.તેના દીકરા પ્રદીપને સમૃદ્ધ પૈસાદાર સાસરું મળે છે.વેવાઈએ ઘર ભરાઈ જાય એટલો કરિયાવર કર્યો છે.એ જોવા આવનાર સૌ નર્મદાના દહાડા વાયા છે એવું માને છે.જયારે નર્મદા પોતાની રોજિંદી જિંદગીને સ્વીકારી નિયતિને પામે છે. એટલે કે એ પોતાના રોજિંદા સીવણ કામમાં પરોવાઈ જાય છે.વાર્તામાં મહેસાણાની તળ બોલી, ટાણાપ્રસંગે થતો વ્યવહાર, ભાષા, ગ્રામ્ય-લોકમાનસ આલેખાયું છે.સામજિક રીતરિવાજો અને

સમાજચેતનાનું દર્શન અહી થયુ છે.દરેક પ્રદેશને તેના નોખા રીતરિવાજો અને પરંપરાઓ હોય છે.આ વાર્તામાં પણ આપણે આ રીતરીવાજો, પરંપરાઓ એની ઉપકરકતાને પામી શકીએ છે.જે વાર્તાને પ્રાદેશિક સંદર્ભ પૂરો પાડે છે. આમ આ તત્વોને આધારે અહીં વાર્તામાં પ્રાદેશિક રંગ ઉઘડ્યો છે.

**૩.૬ દેવચકલી-પ્રભુદાસ પટેલઃ**

પ્રભુદાસ પટેલ સાંપ્રત સમયના વાર્તાકાર છે.તેમની પાસેથી 'વન્યરાગ' અને 'દેવચકલી' એમ બે વાર્તાસંગ્રહો મળે છે.તેમની વાર્તાઓમાં મુખ્યત્વે વન્યપ્રદેશમાં વસતા આદિવાસી લોકોની સમસ્યાઓ, સંવેદનાઓ, પ્રશ્નોને વાંચા અપાઈ છે.આદિવાસી સમાજની શ્રદ્ધા, અંધશ્રદ્ધા, રીતરિવાજો, માન્યતાઓ, વન્યપ્રકૃતિ, જે–તે પ્રદેશનો પરિવેશ તેમની વાર્તાને આકર્ષક બનાવે છે.અહીં તેમના 'દેવચકલી' વાર્તાસંગ્રહમાંથી  'દેવચકલી' વાર્તાને પ્રાદેશિકતા સદર્ભે તપાસી છે.

દેવચકલી એ વન્યપ્રદેશમાં જોવા મળતું એક પક્ષી છે.આ પક્ષીને આદિવાસીઓ શુભ માને છે. દેવચકલીને પકડીને ઘેર ઘેર ઘી–ગોળ ખવડાવે અને માનકી જેવી દીકરીની સ્થિતિને ન  સમજવી તેના પર વધુ અત્યાચાર કરવો એ વાર્તાનું હાર્દ બની રહે છે. ખીમલો માનકીને પ્રેમ કરતો હતો પરંતુ માનકીના લગ્ન બીજે ગોઠવાય જાય છે. ત્યાં તેનો પતિ તેના પર વધુ અત્યાચાર ગુજારે છે.આથી તે પોતાના પિયરમાં આવી જાય છે.જ્યાં તેનો ભાઈ પણ તેની સ્થિતિ સમજી શકતો નથી.તે ખીમલાને પોતાની પત્ની બનાવવા કહે છે પણ ખીમલો સમાજના ડરથી તેને ના પાડી દે છે. આથી તે આત્મહત્યા કરી મૃત્યુને ભેટે છે.અહીં દેવચકલી પ્રતીકરૂપ બની રહે છે.તળપદબોલી, પરંપરા, રીતરિવાજ, વન્યપ્રકૃતિનું વર્ણન, ગ્રામ્યપરિવેશ, આદિવાસી સંસ્કૃતિનું નિરૂપણ વાર્તાને પ્રાદેશિક સંદર્ભ પૂરો પાડે છે. જેથી વાર્તા રસપ્રદ બની રહે છે.અને પ્રાદેશિકતાને મૂર્ત કરી આપે છે.

**૩.૭ રમત- દશરથ પરમારઃ**

તળ સાથે જોડાયેલા અને વાર્તાઓમાં ગ્રામીણ પરિવેશ રહેણીકરણી તળબોલી આ બધી જ ઝીણી ઝીણી વિગતોને આલેખતા વાર્તાકાર દશરથ પરમાર પાસેથી 'પારખું' અને 'બે ઇમેલ અને સરગવો' એમ બે વાર્તાસંગ્રહ મળે છે.'પારખું'માં સમાજના છેવાડાના સ્તરના માનવના જીવનની કરુણ વાસ્તવિકતાને તેમને ચિત્રિત કરી આપી છે.આ જ 'પારખું' વાર્તાસંગ્રહમાંથી 'રમત' વાર્તાને પ્રાદેશિકતાના સંદર્ભે અભ્યાસમાં લીધી છે.'રમત' વાર્તામાં તળજીવનની વાસ્તવિકતાનું જીવંત આલેખન છે.પોતાની યુવાનીમાં સસલાના શિકાર માટે જાણીતો હેમતાજી હવે વૃદ્ધ થઈ ગયો છે. ઢીલો પડી ગયો છે. તેના બે ફેફસા ખવાઈ ગયા છે. તેમ છતાં વટનો માર્યો યુવાનોના પડકારને ઝીલીને તે હાહલાનો શિકાર કરવા માટે ઉપડી પડે છે. અને એમાં તે પાર પણ પડે છે. દરમાં બેઠેલા હાહલાને તે પકડે છે. અને એ સાથે જ લંકાવહુ સાથે પોતે જે અત્યાચાર આદરી એનો બળાત્કાર કર્યો હતો અને એને મોતને ઘાટ ઉતારી હતી એ આખો અતિથ એને ઘેરી વળે છે. આ ભૂતકાળના સંસ્મરણો એને અંદરથી હચમચાવી નાખે છે. અને એ જાણે હારી જાય છે. યુવાનો સાથેના વટમાં તો તે જીતી જાય છે પણ પોતાની જાત સાથે હારી જાય છે.આ અતિથ હેમતાજીના અભિમાનને ઓગળી એને

કુમળા મનનો માનવી બનાવી દે છે. આ પ્રક્રિયા વાર્તાને વધુ કલાત્મકતા બક્ષે છે. અંતે તે ગર્ભવતી સસલીને જતી કરે છે. ત્યાં પણ આપણને એક સંકેત મળી રહે છે.વડનગર આસપાસનો ગ્રામીણ પરિવેશ, ઘટના, હાહલાનો શિકાર કરી એનું શાક ખાતો જનસમૂહ, એમનો સ્વભાવ, ખાનપાન, સ્ત્રીનું શોષણ, તળબોલી, આગવો મિજાજ, પોશાક, ઠાકોર સમાજની રહેણીકરણી આ બધા સંદર્ભો અહીં પ્રાદેશિકતાને મૂર્ત કરી આપે છે.જે વાર્તાને ઘડવામાં પણ ઘણી ઉપકારક બની છે.

### ૩.૮ સહી-કલ્પેશ પટેલઃ

નવા વિષયોને લઈને વાર્તા લખવાનું પસંદ કરતા કલ્પેશ પટેલ પાસેથી 'શ્રદ્ધાભંગ' 'વાડ' અને 'મલાજો' એમ ત્રણ વાર્તાસંગ્રહો મળે છે.અહીં તેમના 'વાડ' વાર્તાસંગ્રહમાંથી 'સહી' વાર્તાને પ્રાદેશિકતા સંદર્ભે તપાસી છે.આ વાર્તા સાંપ્રત જીવનને રજૂ કરે છે.નાયિકા 'કોકિલા કાન્તિલાલ પટેલને' મહિલા સરપંચ તરીકે ઉમેદવારી કરાવવામાં આવે છે.નાયિકા ચૂંટણી જીતે છે.અને સહી ન કરવાનો નિર્ણય પણ લે છે.નારી સશક્તિકરણનો આદર્શ અને પુરુષપ્રધાન સમાજ વચ્ચેની ટક્કર જયારે રૂઢિચુસ્ત ગ્રામ્ય વાતાવરણમાં થાય છે ત્યારે છેવટે સહેવાનું અને જતું કરવાનું નારીના ભાગે જ આવે છે.તળપ્રદેશની બોલી વાર્તાનું ચાલક બળ બની રહે છે.ગ્રામીણ સમાજજીવન,નારીની મનઃસ્થિતિ વગેરે બાબતો અહીં સચોટ રીતે રજૂ થઇ છે.વાર્તામાં ઘટના સામાન્ય લાગે છે. છતાં પરિવર્તન પામતા ગ્રામજીવન માટે ઘણી વજનદાર કહેવાય.અહીં પ્રયોજાયેલી બોલી, જનવ્યવહાર, ગ્રામ્યપરિવેશ, ગામડાનું રાજકારણ, સ્ત્રીનું શોષણ, પુરુષોની જોહુકમી, વ્યસનો, રહેણીકરણી, કાવાદાવા આ બધાજ તત્વો વાર્તામાં પ્રાદેશિક સંદર્ભ રચી આપે છે. જેનાથી આપણે વાર્તામાં પ્રાદેશિકતાના તત્ત્વને પામી શકીએ છીએ.

### ૩.૯ જા એમ.ઓ.યુ ૨૬...- સંજય ચૌહાણ :

વાર્તાસર્જનની શરૂઆતમાં દલિતધારામાં લખતાં થયેલા સંજય ચૌહાણ 'તારા શહેરની એકલતા' 'થુંમ્બડી' અને 'કમઠાણ' એમ ત્રણ વાર્તાસંગ્રહો આપે છે.તેમની વાર્તાઓમાં ઠાકોર, રાવળ, જેવી જ્ઞાતિવિશેષની જીવનરીતિઓ આલેખાઈ છે.અહી તેમના 'થુંમ્બડી' વાર્તાસંગ્રહની પ્રથમ વાર્તા 'જા એમ.ઓ.યુ..૨૬ .......'ને પ્રાદેશિકતા મૂર્ત કરી આપતા તત્ત્વોને આધારે તપાસી છે.વાર્તામાં ઉત્તર ગુજરાતના વિસનગર અને વડનગર આસપાસનો પરિવેશ છે.અહીં એક જ્ઞાતિવિશેષ(ઠાકરડા)ના પેઢી દર પેઢીના ચોરી કરવાના વ્યવસાયને આલેખી તેની સાથે જોડાયેલા વિધિ-નિષેધોનું આલેખન થયું છે.કાળુજી ઠાકોર આખી રાત ચીબરીના બોલવાની રાહ જોવે છે.પણ ચીબરી બોલતી નથી.અંતે તે ખેતરના રખેવાળનો ચાંદીનો હોકો ચોરીને ભાગે છે.ત્યાં ચીબરી બોલે છે.કાળુજી ત્યાં બોલી ઉઠે છે "હાહરી ચીબરી,જા એમ.ઓ.યુ. ૨૬....... વાર્તામાં ઉત્તર ગુજરાતની તળબોલી, ગ્રામ્ય પરિવેશ તથા ઠાકોર જ્ઞાતિ તેમના વ્યવસાયો, રીતરિવાજો, શ્રદ્ધા, અંધશ્રદ્ધા, માન્યતાઓ આલેખન પામી છે. જે વાર્તાને પ્રાદેશિક બનાવે છે.

આમ, આ પ્રકરણમાં ઉત્તર ગુજરાતના વાર્તાકારોની પસંદ કરેલી વાર્તાઓને પ્રાદેશિકતાના ઘટકતત્વોને ધ્યાનમાં લઇ અભ્યાસમૂલક વાત રજૂ કરી છે.વાર્તાઓમાં ઉત્તર ગુજરાત એનો ગ્રામ્યપ્રદેશ,

ભૂગોળ, બોલી, લોકજીવન, જનસ્વભાવ વાર્તાના ઘડતરમાં કેવા ઉપકારક બન્યા છે એ પણ અહીં દર્શાવી આપ્યું છે.

**પ્રકરણઃ૪ દક્ષિણ ગુજરાતની ટૂંકીવાર્તાઓમાં પ્રાદેશિકતાઃ**

દક્ષિણ ગુજરાત એટલે ગુજરાત રાજ્યનો દક્ષિણ પૂર્વ ભાગ.જેમાં સુરત, નવસારી, ભરૂચ, તાપી, વલસાડ, ડાંગ અને નર્મદા જિલ્લાઓનો સમાવેશ થાય છે.આ જિલ્લાઓમાં માછીમારો, ખારવાઓ, આદિવાસીઓ અને એમની જીવનશૈલી, સંસ્કૃતિ, બોલી, રીતરિવાજો, માન્યતાઓ જેવી વિશિષ્ટતાઓ આ પ્રદેશના વાર્તાકારોની વાર્તાઓમાં જોવા મળે છે.

દક્ષિણ ગુજરાતના ડાંગ–વલસાડના જિલ્લાઓમાં આદિવાસીઓનું જીવન, આગવી જીવનશૈલી પરંપરાઓ, શ્રદ્ધા, અંધશ્રદ્ધા આ પ્રદેશની વાર્તાઓમાં નિરુપાઇ છે.સાથે સાથે સુરત નગરની આસપાસના ગામડાઓમાં બોલાતી સુરતી બોલી, તળબોલીનો વાર્તાઓમાં સર્જનાત્મક વિનિયોગ થયો છે જે વાર્તાઓમાં પ્રાદેશિક સંદર્ભ ઉભો કરી આપે છે.આમ અહીં આ પ્રદેશના વાર્તાકારોની પસંદ કરેલી વાર્તાઓમાં પ્રાદેશિકતાને ઉપસાવી આપનાર તત્ત્વોને તપાસી અભ્યાસ રજૂ કર્યો છે.

જેમાં આ મુજબ વાર્તાઓ પસંદ કરી છે.

૪.૧ સુખા બાપાની રૂખી- વિજય શાસ્ત્રી

૪.૨ જન્મ- રવીન્દ્ર પારેખ

૪.૩ ચુડેલનો વાસો- હિમાંશી શેલત

૪.૪ ગૂમડું- અજિત ઠાકોર

૪.૫ કરેણ- અજિત ઠાકોર

૪.૬ રાની બિલાડો- મોના પાત્રાવાલા

**૪.૧ સુખા બાપાની રૂખી - વિજય શાસ્ત્રી :**

ગુજરાતી વાર્તાસાહિત્ય ક્ષેત્રે મધ્યમમાર્ગી સર્જક તરીકે જાણીતા વાર્તાસર્જક વિજય શાસ્ત્રી પાસેથી 'મિસિસ શાહની એક બપોર' 'અહીં તો' 'હોવું એટલે હોવું' 'ઇતરેતર' 'ઈત્યાદી' 'અસારે ખલુ સંસારે' 'શ્રાવણની કાવડ' 'આવાગમન' જેવા વાર્તાસંગ્રહોમાં કળાત્મક વાર્તાઓ મળે છે.રોજિંદી નાની મોટી ઘટનાઓ, પાત્રો તેમની મનોવ્યથા, સંવેદનો, વેદનાને વાચા આપતી તેમની વાર્તાઓમાં તેમના અલાયદા જીવનવલણને પણ આપણે તાગી શકીએ છીએ.અહીં તેમની 'સુખા બાપાની રૂખી' વાર્તામાં આપણે ગ્રામ્ય પરિવેશ, ગ્રામીણ દામ્પત્યજીવનને એની વાસ્તવિકતાને પ્રતિબિંબિત થતું જોઈ શકીએ છીએ. સુખા બાપા અને રૂખી ગ્રામીણ

દંપતિ છે. રૂખીને સીધીચાલનો પતિ એવો સુખો મળ્યો છે. જે ગામના યુવાનોની સોબતમાં આવી દારૂની લતે ચડી જાય છે. એની આ લતથી રૂખી એના બાળકો કંટાળી ગયા છે.એવામાં રુખી નારણકાકાની મદદથી ગામમાં આવેલા સ્વામીજી પાસે સુખાને લઈ જઈ માદળિયું બંધાવી દે છે.કોઈપણના પ્રભાવમાં તરત જ આવી જતો સુખો આ સ્વામીજીના પ્રભાવમાં આવીને આ માદળિયાના પ્રભાવમાં પોતાની દારૂની લત છોડી સુધરી જાય છે.એટલો સુધરી જાય છે કે જાણે વાલિયામાંથી વાલ્મિકી બની જાય.સુખામાંથી સુખાબાપા સુધીની પ્રગતિ કરતો, ચમત્કાર કરતો, ભક્તોને ચા-પાણી, રોટલા ખવડાવતો અને ભજનો કરતો સુખો રુખી માટે આફતરૂપ બની રહે છે.આથી રુખી ફરીથી નારણકાકા પાસે જઈ પોતાની આપવીતી જણાવે છે. અને ભક્તિમાં લીન થઈ ગયેલા સુખાને સ્વામીજી પાસે ફરી દારૂ પીતો કરાવવાની મંછા સેવે છે. જે સ્ત્રીની મનઃસ્થિતિ અને એની વેદનાને પ્રગટાવી આપે છે.વાર્તામાં આવતો ગ્રામીણ પરિવેશ,દાંપત્યજીવન એની વાસ્તવિકતા, જનસ્વભાવ, રહેણીકરણી, પોશાક, શ્રદ્ધા, અંધશ્રદ્ધા, માન્યતા, બોલી, વ્યસનો, દભ, પાખંડ આ બધા તત્વોને આધારે વાર્તામાં પ્રાદેશિકતાને તપાસી છે.

## ૪.૨ જન્મ-રવીન્દ્ર પારેખઃ

રવીન્દ્ર પારેખ વાર્તાકાર અને વિવેચક તરીકે જાણીતું નામ છે.તેમની પાસેથી 'સ્વપ્નવટો' 'સંધિકાળ' 'પર્યાય' 'નિર્દેશ' 'જરાક' જેવા વાર્તાસંગ્રહો મળે છે.અહીં તેમના વાર્તાસંગ્રહ 'સ્વપ્નવટો'માંથી 'જન્મ' વાર્તાનો પ્રાદેશિકતાના તત્ત્વોને આધારે અભ્યાસ કર્યો છે. 'જન્મ' વાર્તામાં રામલીલામાં રામ અને સીતાનો અભિનય કરતા બે પુરુષ પાત્રો અને તેમના મનોસંચલનોને અલેખવામાં આવ્યા છે.બંને પાત્રો પોતાના અભિનયમાં ખુબ જ ઓતપ્રોત થઇ  જાય છે.એટલી હદે કે સીતાનો અભિનય કરતો પુરુષ ધીરે ધીરે પોતે સીતા છે એમ જ સમજવા લાગે છે. અને તે પુરુષત્વ ગુમાવતો જાય  છે ને સ્ત્રીત્વ ધારણ કરતો જાય  છે.ને તે પોતે ગર્ભ ધારણ કર્યું છે એમ જ અનુભવે છે.વાર્તાના અંતમાં તે જન્મ તો આપે છે પણ બાળકને નહિ મૃત્યુને કેમ કે તેને પેટમાં બાળક નહિ પણ કેન્સરની ગાંઠ હોય છે.જે એને મૃત્યુ આપે છે.વાર્તામાં બોલી પ્રાદેશિક જનજીવન,રહેણીકરણી જેવા તત્વોમાં પ્રાદેશિકતાને પામી શકાય છે.

## ૪.૩ ચુડેલનો વાંસો- હિમાંશી શેલત :

ગુજરાતી વાર્તાસાહિત્યમાં હિમાંશી શેલત મહત્વના વાર્તાકાર છે.તેમની પાસેથી 'અંધારી ગલીમાં સફેદ ટપકા' 'એ લોકો' 'સાંજનો સમય' 'ખાંડણીયામાં માથું' 'પંચવાયકા' ' ઘટના પછી' 'એમના જીવન' વગેરે વાર્તાસંગ્રહો મળે છે.

તેઓ નારીવાદી વાર્તાકાર છે.અહીં તેમના વાર્તાસંગ્રહ 'એ લોકો'માંથી 'ચુડેલનો વાંસો' વાર્તામાં પ્રાદેશિક સંદર્ભ તપાસ્યો છે..વાર્તામાં ભાનકીને અંધશ્રદ્ધાનો ભોગ બનેલા લોકોને કારણે જીવ બચાવવા ભાગવું પડે છે.આ સમયે તેને કાયમ તાકતો દત્તુ  એને બચાવશે એવી એને શ્રદ્ધા છે. આથી તે બાકીના મરદોને ગાળો દે છે.પણ તેને દત્તુની હકીકત ખબર નથી.વાર્તામાં દત્તુ પ્રત્યે ઊભી થયેલી અપેક્ષા

અંતિમ વિધાનોમાં તૂટી પડે છે.અહીં અંધશ્રદ્ધા, રીતરિવાજો, માન્યતાઓ, પુરુષપ્રધાન સમાજ તરફથી સ્ત્રીનું થતું શોષણ, સુરતની આસપાસના ગામડાનું વાતાવરણ વાર્તાને પ્રાદેશિક સંદર્ભ પૂરો પાડે છે.

### ૪.૪ ગૂમડું –અજિત ઠાકોર :

અજિત ઠાકોર પાસેથી 'તખુની વાર્તા'નામક એક માત્ર વાર્તાસંગ્રહ મળે છે.સમકાલીન ગુજરાતી વાર્તાકારોમાં એમની સર્જકતા ધ્યાન ખેંચે છે.તેમની વાર્તાઓમાં ગ્રામ્યજીવનનું વાતાવરણ અને તાપી–નર્મદાના દોઆબમાં બોલાતી તળબોલી પ્રયોજાઈ છે.અહીં તેમની 'ગૂમડું' વાર્તાને પ્રાદેશિકતા સંદર્ભે અભ્યાસી છે.ગૂમડું વાર્તામાં ગૂમડું એ ધરતીના માનવીઓની મનોદશાનું પ્રતીક છે.કથાનાયક પોતાના વતન જવા નીકળ્યો છે.બે દિવસ પૂર્વે તેને ઘુંટણે ફોલ્લી થયેલી દેખાઈ પરંતુ કઈ ધ્યાન ન આપતા હવે તો ખુબ જ મોટું ગૂમડું થયું છે.કથાનાયક તખુ નોકરીથી ઘરે આવે છે ત્યારે ઘરની દરેક વ્યક્તિની અપેક્ષાઓ, સમસ્યાઓ અનુભવે છે.અને આ સમસ્યાઓ તેને તેના ગૂમડાંની વેદના કરતા વધુ પીડાકારક લાગે છે. અને આ અપેક્ષાઓના ભારથી દબાયેલો વાર્તાનાયક આખા ઘર માટે ઈચ્છાપૂર્તિનું સાધનમાત્ર બની રહે છે.વાર્તામાં પ્રયોજાયેલી તળબોલી, ગ્રામ્ય પરિવેશ, જનસ્વભાવ, ખાનપાન પ્રાદેશિકતાને મૂર્ત કરી આપે છે.

### ૪.૫ કરેણ-અજિત ઠાકોરઃ

ગુજરાતી ટૂંકીવાર્તામાં પરિષ્કૃતિ રૂપે નવી વિચારધારાને રજૂ કરનાર આ વાર્તાકારની વાર્તાઓ કળાત્મક અને સર્જનાત્મક બનવા પામી છે. 'તખુની વાર્તા' નામના એક જ વાર્તાસંગ્રહથી ગુજરાતી વાર્તાસાહિત્યમાં જાણીતા બનેલા વાર્તાકાર અજિત ઠાકોરની વાર્તાઓ પ્રયોગશીલ બની રહે છે. એક જ પાત્ર તખુને કેન્દ્રમાં રાખી લખાયેલી આ વાર્તાઓ રસપ્રદ બની રહે છે. અહીં આ વાર્તાસંગ્રહમાંથી 'કરેણ' વાર્તાને અભ્યાસમાં લીધી છે. અને અભ્યાસ રજૂ કર્યો છે.વાર્તામાં ઘરના વાડામાં તેજબા એ રોપેલી કરેણ ગુલાબ બાને પોતાની માંદગીનું કારણ જણાય છે. ગુલાબબાના મતે તેજબાએ જ પોતાને જંપવા ન દેવા માટે કરેણમાં કંઈક કરાવી મૂક્યું છે. ગુલાબબા પોતાના આવા નિરર્થક વહેમને પગલે કરેણ કપાવી નાખે છે.તથા ઘરના સર્વને અત્યંત પ્રિય એવી કરેણને ગુલાબબા દ્વારા કપાવી નાખવાની ઘટનાથી પ્રભાવિત આખી વાર્તામાં તદ્દન નિર્દોષ એવા તેજબા અને એવી જ નિર્દોષ એમની કરેણ પર ગુલાબબા દ્વારા કરવામાં આવતો અત્યાચાર સર્વોપરી જણાય છે. તખુ અને એનો કરેણ સાથેનો લગાવ, સંવેદના પોતાના તળ સાથેનું જોડાણ, ભુવા ધુણાવાનો પ્રસંગ, તળ બોલી, સુરત એની આસપાસનો ગ્રામ્ય પરિવેશ, ગ્રામ્યજીવન, શ્રદ્ધા, વહેમ, અંધશ્રદ્ધા, રિવાજો, માન્યતાઓ, ખાનપાન, જનવ્યવહાર, જનસ્વભાવ, આ બધું જ વાર્તાને ઘડવામાં એટલું જ ઉપકારક બની રહે છે. જે વાર્તામાં પ્રાદેશિકતાને મૂર્ત કરી આપે છે

### ૪.૬ રાની બિલાડો-મોના પાત્રાવાલા :

મોના પાત્રાવાલા દક્ષિણ ગુજરાતના ડાંગ–વાંસદા પંથકના વનવગડામાં વસતા લોકોની સમસ્યાઓને, સંવેદનાઓને વાર્તામાં નિરૂપે છે.એમની પાસેથી 'રાની બિલાડો'એક માત્ર વાર્તાસંગ્રહ પ્રાપ્ત થાય

છે,અહીં તેમની વાર્તા 'રાની બિલાડો'ને પ્રાદેશિકતા સંદર્ભે અભ્યાસમાં લીધી છે.વાર્તામાં ધની અને એની આસપાસ ગૂંથાયેલા જાતીય સંબંધની વાત નિરુપાઈ છે.અહીં રાની બિલાડો પ્રતીકાત્મક બની રહે છે.રાની બિલાડો નિર્બળ પશુ પર પ્રહાર કરે છે. તેની પર અત્યાચાર ગુજારે છે. એને મોતને ઘાટ ઉતારી દે છે.પોતે એનું ભક્ષણ કરે છે.એવી જ રીતે વિધવા ધનીનું પહેલા પારસી શાવકશા શેઠ અને એના મૃત્યુ પછી નારણ રાની બિલાડાની જેમ શોષણ કરે છે.ડાંગ આસપાસનું આદિવાસી લોકજીવન, તળબોલી, ગ્રામ્ય પરિવેશ, પ્રકૃતિ, માન્યતાઓ, રીતરિવાજો, પોશાક, શ્રદ્ધા, વહેમ વિધ-વિધાનો વાર્તાને પ્રાદેશિક સંદર્ભ પૂરો પાડે છે.

આમ, આ પ્રકરણમાં દક્ષિણ ગુજરાતની પસંદ કરેલી વાર્તાઓ, આ વાર્તાઓમાં દક્ષિણ ગુજરાત એની ભૂગોળ એનું જનજીવન, ભાષા, લોકજીવન એની આગવી પ્રાદેશિક અસ્મિતા સાથે કેવા તાદસ થયા છે એ અહીં વાર્તાઓના સઘન અભ્યાસ દ્વારા રજૂ કરી આપ્યું છે.

**પ્રકરણઃ૫ સૌરાષ્ટ્ર પ્રદેશની ટૂંકીવાર્તાઓમાં પ્રાદેશિકતાઃ**

ગુજરાતી ટૂંકીવાર્તાને સમૃદ્ધ કરવામાં સૌરાષ્ટ્ર પ્રદેશના વાર્તાકારોનું પ્રદાન મહત્વનું છે.સૌરાષ્ટ્ર પ્રદેશમાંથી આપણને અનેક વાર્તાકારો અને કળાત્મક વાર્તાઓ મળે છે.એવો આ સૌરાષ્ટ્ર પ્રદેશ એટલે આજના રાજકોટ, જામનગર, ભાવનગર, જુનાગઢ, સુરેન્દ્રનગર, અમરેલી અને પોરબંદર જિલ્લાઓનો સમૂહ.આ પ્રદેશની વાર્તાઓમાં સૌરાષ્ટ્રની સોરઠી બોલી, તળબોલી, હાલારી, ઝાલાવાડી, ગોહીલવાડી તેના લય-લહેકા, લોકજીવન, સંસ્કૃતિ, પ્રકૃતિ, રીતરિવાજ, ઉત્સવો, પ્રસંગો, વ્યવસાય વગેરે ધબકે છે. ત્યાનો ગ્રામ્યપરિવેશ, જીવન, સામાજિક સમસ્યાઓ, આ વાર્તાઓમાં આકાર પામી છે.

આ વાર્તાઓને પ્રાદેશિકતાના સંદર્ભે તપાસી વાર્તાઓમાં પ્રાંતીય અસ્મિતા કેવી અને કેટલી ઉભરી આવી છે તે પ્રગટાવી આપવાનો પ્રશસ્ય પ્રયત્ન અહીં કર્યો છે.જે માટે નીચે મુજબ વાર્તાઓ પસંદ કરી છે.

૫.૧ ડારવીનનો પિતરાઈ-માય ડીયર જયુ

૫.૨ વઉ- મનોહર ત્રિવેદી

૫.૩ કોઠો-સુમંત રાવલ

૫.૪ નોખું ખોરડું-રમેશ.ર.દવે

૫.૫ આ સવજી શામજી બચું કોઈ દી સુખી નો થ્યા હોં- કિરીટ દુધાત

૫.૬ ભડકો-રાઘવજી માધડ

૫.૭ પોલિટેકનીક-મહેન્દ્રસિંહ પરમાર

૫.૮ મઘીની માનતા- ગોરધન ભેસાણીયા

૫.૯ મ્યુઝીયમ ઓફ ઇનોસંસ-વિશાલ ભાદાણી

## ૫.૧ ડારવીનનો પિતરાઈ- માય ડીયર જયુ :

'માય ડીયર જયુ' ઉપનામધારી જયંતિલાલ ગોહિલ સાંપ્રત સમયના નવલકથાકાર, વિવેચક અને વાર્તાકાર છે.સર્જક તરીકે તેઓ સૌથી વધુ વાર્તાકાર તરીકે પોંખાયા છે.તેમની પાસેથી 'થોડા ઓઠા ' 'સંજીવની' 'જીવ' 'મને ટાણા લઇ જાય' જેવા વાર્તાસંગ્રહો મળે છે.અહીં તેમના 'જીવ' વાર્તાસંગ્રહમાંથી 'ડારવીનનો પિતરાઈ' વાર્તાને અભ્યાસી છે.

'ડારવીનનો પિતરાઈ' વાર્તામાં ગ્રામીણપરિવેશ, ધાર્મિકઆસ્થા, ધર્મભીરુતા, અંધશ્રદ્ધા, સામાજિક રીતરિવાજોને આલેખવામાં આવ્યા છે.અહીં પરંપરા છે તો એની સામે નાથાની વહુ અને વાર્તા કથક 'હું' જેવા પાત્રો પણ છે.વાર્તામાં અંધશ્રદ્ધા, ભુવા-ડાકલાથી રચાતો પરિવેશ વાર્તાને પ્રાદેશિક બનાવે છે.અહીં 'હું' ની ભયશંકાગ્રસ્ત મનઃસ્થિતિ, સવાભૂવા દ્વારા રચાતો પરિવેશ, પૃથ્વીની ઉત્પત્તિની કથા, ગ્રામ્ય વાતાવરણ, તળબોલી, શ્રદ્ધા, અંધશ્રદ્ધા, માન્યતા આ બધા ઘટકો પ્રાદેશિક બની રહે છે.

## ૫.૨ વઉ-મનોહર ત્રિવેદી

મનોહર ત્રિવેદી સાંપ્રત સમયના કવિ અને વાર્તાકાર છે. "તળનો મલક તોછડો છતાં મળતો ત્યારે હોય સલુણો" એમ માનતા આ વાર્તાકાર પાસેથી ગ્રામ્યજીવન અને ગામડાના માણસની સંવેદનાને વાસ્તવિક રૂપે આલેખતી કળાત્મક વાર્તાઓ મળે છે. 'ગજવામાં ગામ' અને 'નાતો' એમ બે વાર્તાસંગ્રહો આપનાર આ વાર્તાકારની વાર્તાઓમાં ગામડું ધબકે છે.અહીં તેમના વાર્તાસંગ્રહ 'ગજવામાં ગામ'માંથી 'વઉ' વાર્તાનો અભ્યાસ રજૂ કરી આપ્યો છે.વાર્તામાં કાનિયો એ વાર્તાનો મુખ્યનાયક છે. નિરાધાર અને ગરીબ એવો કાનિયો પક્ષીઓને ચણ નાખવાનું કામ કરીને ત્યાં જ એક ઓરડીમાં રહે છે.કાનિયાને વાર્તા સાંભળવાનો બહુ શોખ છે આથી તે મોટીબા પાસે વાર્તા સાંભળવા આવે છે. મોટીબાએ કહેલી ખિસકોલી વઉની કથાના પ્રભાવમાં આવી કાનિયો તેને પાળેલી બકરીમાં પોતાની વહુને જુએ છે. અને બકરી સાથે શારીરિક સંબંધ બાંધે છે. માનવીય નબળાઈઓને પ્રગટ કરતી  આ વાર્તામાં આપણે સર્જકના સર્જકત્વને પામી શકીએ છીએ.ગ્રામીણ પરિવેશમાં ઘટતી ઘટના સૌરાષ્ટ્ર ગોહિલવાડ પ્રદેશનું જનજીવન એનો ગ્રામ્ય પરિવેશ, લોકમાનસ, તળબોલી, પોશાક, ખાનપાન આ બધા તત્વોમાં આપણે પ્રાદેશિકતાને મૂર્ત થતી જોઈ શકીએ છીએ.પ્રાદેશિક પરિવેશ અને એમાં શ્વસતા લોકો  પ્રાદેશિક બની રહે છે. આ આધારે જ વાર્તામાં પ્રાદેશિકતાને તપાસી છે

## ૫.૩ કોઠો- સુમંત રાવલઃ

સુમંત રાવલ કથાસર્જક તરીકે જાણીતા છે. 'ઘટનાલય' 'શિલાલેખ' 'મૃતોપદેશ' 'વાર્તાક્રમણ' 'કથાકલરવ' જેવા વાર્તાસંગ્રહો તેમની પાસેથી મળે છે.અહીં તેમના વાર્તાસંગ્રહ 'કથા કલરવ' માંથી 'કોઠો' વાર્તાને પ્રાદેશિકતા  સંદર્ભે તપાસી છે.વાર્તામાં મનજી કણબીની  ગાય ખટારાની હડફેટે આવી જાય છે.અને

મરી જાય છે.વાસના બધાય ગાયનું માંસ મેળવવા ભેગા થઇ જાય છે.મરેલી ગાયને વાર્તાનો નાયક ચીરે છે.તેના કોઠામાંથી ગોમટ નીકળે છે.તે તેના બીમાર બાપને દવા તરીકે આપવાને બદલે તેની અશક્ત મંગેતર જવલી માટે રાખે છે.અહીં માનવ મનનો કોઠો જાણવો, સમજવો અને ભેદવો કેટલો દુષ્કર છે તે અસરકારક રીતે સિદ્ધ થાય છે.વાર્તામાં પ્રાદેશિક જનજીવન એમનું ખાનપાન, રહેણીકરણી, તળબોલી વાર્તામાં પ્રાંતીય અસ્મિતાને ઉજાગર કરી આપે છે.

### ૫.૪ નોખું ખોરડું -રમેશ.ર.દવેઃ

રમેશ.ર.દવે કથાસાહિત્ય ક્ષેત્રે ઉલ્લેખનીય નામ છે.તેમની પાસેથી 'શબવત' 'જલાવરણ' અને 'તથાસ્તુ' જેવા વાર્તાસંગ્રહો મળે છે.અહીં તેમના શબવત વાર્તાસંગ્રહ માંથી 'નોખું ખોરડું' વાર્તાને પ્રાદેશિકતા સંદર્ભ મુલવી છે.વાર્તામાં નાનકડા દિયરને ઉછેરી મોટો કરતી ભાભી વિધવા થાય છે.ભાભીને અગાઉ અનેક રૂપમાં નિહાળી ચુકેલો દિયર તેની સાથે આખરે શરીર સંબંધથી જોડાય છે.ત્યારે દિયર ભાભીના આંતર મનના ધમાસાણ ભર્યા સંઘર્ષને આલેખતી ગ્રામચેતનાની આ વાત છે.ભાભી-દિયરના સંબંધોમાં સભાનપણે ઉપસતા માં –દીકરા અને સ્ત્રી-પુરુષના સંબંધો આ વાર્તામાં સંકુલ ભાવસ્થિતિનું નિર્માણ કરે છે.વાર્તામાં જોવા મળતો ગ્રામ્ય પરિવેશ, દિયરવટુ જેવા રિવાજો વાર્તાને પ્રાદેશિક બનાવે છે.

### ૫.૫ આ સવજી શામજી બચું કોઈ દિ સુખી નો થ્યા હો -કિરીટ દુધાતઃ

કાળું નામના કથાનાયકથી વાર્તાઓ કહેનાર કિરીટ દુધાત પાસેથી 'બાપાની પીંપર' અને 'આમ થાકી જવું' જેવા વાર્તાસંગ્રહો મળે છે.એમની વાર્તાઓમાં સ્ત્રી-પુરુષનાસંબંધો, એકલતા, નગર-ગ્રામ્યજીવનના પાત્રોની સંવેદના, સમસ્યા નિરુપાય છે.અહીં તેમના વાર્તાસંગ્રહ 'આમ થાકી જવું' માંથી' આ સવજી શામજી બચું કોઈ દિ સુખી નો થ્યા હોં' વાર્તાને પ્રાદેશિકતા સંદર્ભે તપાસી છે.

'આ સવજી શામજી બચું કોઈ દિ સુખી નો થ્યા હોં ' માં ગ્રામ્યજીવન અને પાંચ-પાંચ પેઢીની દરિદ્રસ્થિતિ લોકબોલીમાં રજૂ થઇ છે.અહીં ગામડાનાં ખેડૂત માણસની ખુમારીને પ્રગટ કરતી ભાષા, બોલી, નૈતિક મૂલ્યોનું જતન કરતી પાંચ-પાંચ પેઢીની ગતિવિધિને વાર્તાકાર આલેખે છે.તળબોલી, ગ્રામ્યપરિવેશ વાર્તાને વધુ ધ્યાનાકર્ષક બનાવે છે.મુલ્યોનો ઝડપથી થઇ રહેલો હ્રાસ એવી સાંપ્રત ચિંતાપ્રેરક સમસ્યાને અહીં આલેખવામાં આવી છે.વાર્તામાં ગ્રામીણ પરિવેશ, બોલી, થોડામાં પણ ચલાવી લઇ સ્વાભિમાની જીવન જીવતા લોકજનો અને પોતાના વડવાઓના ચીલે ચાલી સાદું જીવન જીવતા લોકો વાર્તામાં પ્રાદેશિકતાને મૂર્ત કરી આપે છે.

### ૫.૬ ભડકો – રાઘવજી માધડઃ

વંચિતોની વેદનાને વાંચા આપતી વાર્તાઓ રાઘવજી માધડ પાસેથી મળે છે. 'ઝાલર' 'આષાઢ' 'સંબંધ' 'વાઈબ્રન્ટ' 'રણકાર' ધીંગી ધરાના જોમ' 'પછી આમ બન્યું' જેવા વાર્તાસંગ્રહોમાં તેમની વાર્તાકસબ જોઈ શકાય છે. અહીં તેમના વાર્તાસંગ્રહ 'પછી આમ બન્યું' માંથી 'ભડકો' વાર્તામાં પ્રાદેશિક

અસ્મિતાને તાગી છે.'ભડકો' વાર્તામાં રહસ્યને અકબંધ રાખીને વનિતા અને માસ્તરના પાત્રોનું ચરિત્ર સિદ્ધ થતું જોઈ શકાય છે.ગ્રામજનોનો માસ્તર પ્રત્યેનો વિશ્વાસ, વનિતાનું વારંવાર માસ્તર તરફ જોવું, પોતાની આબરુ માટે પોતાની દીકરી સાથે જેનું નામ જોડાય એને મારી નાખવા ઉતાવળો બનેલો ભવાન અને વાર્તાનો ચોટદાર અંત વાર્તાને વધુ ધ્યાનાકર્ષક બનાવે છે. ગ્રામ્યસમાજમાં પ્રવર્તતા દેવીપૂજક કોમ એના આગવા રીતરિવાજો, વિધિ-વિધાનો, શ્રદ્ધા, અંધશ્રદ્ધા, માન્યતાઓ અને વાર્તામાં પ્રયોજાયેલી તળબોલી વાર્તાને પ્રાદેશિક સંદર્ભ પૂરો પાડે છે.

### ૫.૭ પોલિટેકનિક-મહેન્દ્રસિંહ પરમાર :

મહેન્દ્રસિંહ પરમાર 'પોલિટેકનિક' વાર્તાસંગ્રહ આપે છે.જેમાં સાંપ્રત સમસ્યાઓ સાથે વૈવિધ્ય અને નાવીન્ય દર્શાવતી શૈલીમાં વાર્તાઓ મળે છે.અહીં તેમના આ વાર્તાસંગ્રહમાંથી મૂળ શીર્ષકવાળી 'પોલિટેકનિક' વાર્તામાં પ્રાંતીય અસ્મિતાને ઉજાગર કરી છે.

'પોલીટેકનિક' વાર્તામાં કોલેજના પાછલા મેદાનનો મળત્યાગ માટે વાપરવામાં આવે છે.આખો દિવસ કામ કરીને કંટાળેલી નાયિકાઓ આ મોકળા મેદાનનો ઉપયોગ કરે છે.પછીથી કોલેજવાળા આ મેદાન ફરતે દીવાલ ચણી દે છે.અને એ પછી પડતી મુશ્કેલીઓ, અલગ અલગ જગ્યાઓ શોધતી બાયુઓ અને તેના ઉપાયો, તથા સમાજનું વાસ્તવિક ચિત્ર અહીં ઉભું થયું છે.સ્ત્રીઓ ભેગી થઇને કોલેજની દીવાલમાં એક મોટું બાકોરું પાડી દે છે અને પોતાનો વિરોધ બતાવે છે.આ વાર્તામાં બોલીનો વિનિયોગ અને શૌચક્રિયા માટે પડતી મુશ્કેલીઓ આલેખવામાં આવી છે.અહીં મૂળ વાત તો સ્ત્રીની છે એની સમસ્યાની છે.આ માટે વાર્તાકારે ડેલો અને ડેલાની સ્ત્રીઓની વેદનાને વાચા આપી છે.એમના વ્યવસાય, વ્યવહાર, બોલી વાર્તામાં પ્રાદેશિકતાને મૂર્ત કરી આપે છે.

### ૫.૮ મઘીની માનતા- ગોરધન ભેસાણીયા

સાંપ્રત ગુજરાતી વાર્તાસાહિત્યમાં ગોરધન ભેસાણીયાની વાર્તાઓ એ કાઠું કાઢ્યું છે. પાંચેક ચોપડી માંડ ભણેલા અને ખોબા જેવડા વતનના ગામમાં ખેતરમાં પાણી વારતા વારતા વાંચન લેખન કરતા આ વાર્તાકારની વાર્તાઓએ તળને સફળ રીતે આલેખ્યું છે. 'જીવતરનું લૂણ' 'પદારનો પીપળો' 'પડથારો' 'આભલું' 'નોળવેલ' અને 'ઓતાર' એમ છ વાર્તાસંગ્રહોમાં એમની વાર્તાસૃષ્ટીને પામી શકાય છે.અહીં તેમના 'પડથારો' વાર્તાસંગ્રહમાંથી 'મઘીની માનતા' વાર્તાને અભ્યાસમાં લીધી છે. અને તેમાં જોવા મળતા પ્રાદેશિક તત્વોને આધારે પ્રાદેશિકતાને મૂલવી આપી છે. વાર્તામાં તેની મુખ્યનાયિકા મઘી છે. મઘીનો પતિ બે દિવસથી ગીરમાં ટીમરૂ લેવા માટે ગયો છે. બે-બે દિવસ થયા હોવા છતાં પણ તે હજુ સુધી આવ્યો નથી. આથી અનેક વિચારો, ચિંતાઓ કરતી મઘી આખરે છોકરાઓના ખાવા-પીવાની ચિંતા કરતી નજીકની સીમમાં ગુંદ વીણવા માટે જાય છે. દોઢ-પાશેર જેવો ગુંદ વીણ્યા પછી અચાનક જ પાસેના ગામડામાંથી પસાર થતાં એની નજર એક બાવળ ઉપર પડે છે. બાવળ પર રહેલા મધના પૂડા પર નજર પડતા જ તે મધ પાડવા બાવળ પર ચડે છે. અને બરાબર એ જ સમયે વાવાઝોડું આવે છે. બાવળ ઉપર રહેલી મઘીજોરથી ફૂકાતા પવનને કારણે

ખૂબ ગભરાઈ જાય છે. આથી બાવળ ઉપર જ તે માતાની માનતા માને છે.હેમખેમ બચી તે નીચે ઉતરે છે. નીચે ઉતર્યા પછી પોતાની આર્થિક સ્થિતિ વિશે વિચારી તેને ખરેખર બાધા માન્યાનો પસ્તાવો થાય છે. કારણ કે માંડ થોડા પૈસા કમાવા નીકળેલી તે બાધા રાખી બેસે છે. તે જાણે છે બાધામાં આખા બે રૂપિયા જેટલો ખર્ચો તો થાય જ. આથી તે ખૂબ પસ્તાય છે. ગ્રામીણ જીવન એની ગરીબાઈ, ગરીબોનું થતું શોષણ, પેટની માટે કરવી પડતી વેઠ, ગીરની તળેટીનો આખો ગ્રામ્ય પરિવેશ, ગ્રામીણ ગીરના પરિવારો એમની અવદશા, શ્રદ્ધા, અંધશ્રદ્ધા, બોલી, ધર્મશ્રદ્ધા, ધર્મભીરતા, માન્યતા, સ્વભાવ, વ્યસનો આ બધા તત્વો વાર્તામાં પ્રાદેશિકાને મૂર્ત કરી આપે છે. જે વાર્તાના સઘન અભ્યાસ દ્વારા અહીં આલેખ્યું છે.

### ૫.૯ મ્યુઝીયમ ઓફ ઈનોસંસ-વિશાલ ભાદાણી :

વિશાલ ભાદાણી પાસેથી 'ફિકશનાલય' નામે એક માત્ર વાર્તાસંગ્રહ મળે છે.તેમની વાર્તાઓમાં ભાવનગર વિસ્તારની તળબોલી, ગ્રામ્યપરિવેશ, ગામડાની વિવિધ સમસ્યાઓ આલેખવામાં આવી છે. તેમના આ વાર્તાસંગ્રહમાંથી 'મ્યુઝીયમ ઓફ ઇનોસંસ'ને પ્રાદેશિકતા સંદર્ભે તપાસી છે. સણોસરા ગ્રામજીવનના લોકોની ભોળી દલીલો વાર્તાની શરૂઆતમાં આકર્ષક બની રહે છે.વાર્તા બે ભાગમાં વહેચાયેલી છે.પ્રથમ ભાગમાં આખો પરિવેશ ગામડાનો છે.ગામમાં ઈસ્તંબુલથી આવેલા કાગળને વાંચવો અને કડવી માના સુચન મુજબ ત્યાં સૌથી ભોળી વસ્તુ તરીકે વડલાના ટેટા મોકલવાનું નક્કી થાય છે.અહીં આપણે ગામના લોકોની પ્રકૃતિ સાથેની આત્મીયતા જોવા મળે છે.જયારે બીજા ભાગમાં કડવી મા અને જગલો ઈસ્તંબુલ જાય છે અને ત્યાં મ્યુંઝીયમ ઓફ ઇનોસંસના કોન્ફરંસ હોલમાં વિશ્વાશાંતિ માટે જે સંદેશ આપે છે.ત્યાં કડવીમાની ભોળી વાતોમાં ઊંડો મર્મ સમજી શકીએ છે.વિશ્વના લોકોને સણોસરા ગામની એક વૃદ્ધ સ્ત્રી વિશ્વશાંતિ માટે જે ઉપાય બતાવે છે તે ઘટના ઘણી રસપ્રદ બની રહે છે.વાર્તામાં ગ્રામ્ય પરિવેશ, જનસ્વભાવ, તળબોલી, પરંપરા આ બધું પ્રાદેશિક સંદર્ભ રચી આપે છે.

આમ, અહીં સૌરાષ્ટ્ર પ્રદેશ,એના આગવા પરિવેશને પ્રગટાવતી એની આબોહવાને પ્રત્યક્ષ કરી આપતી વાર્તાઓ પસંદ કરી એમાં પ્રાદેશિકતાને તપાસી છે.

### પ્રકરણઃ ૬ કચ્છપ્રદેશની વાર્તાઓમાં પ્રાદેશિકતા :

રણ અને દરિયાથી વીંટળાયેલી વિષમતાઓ અને અભાવના પ્રહારોથી ઘડાયેલા કચ્છપ્રદેશના લોકજીવન અને લોકમાનસમાંથી ફળદ્રુપ સર્જકો આપણને મળ્યા છે. કચ્છ વિશિષ્ટ કહી શકાય એવો પ્રદેશ છે. એની આ વિશિષ્ટતા તેની ભૌગોલિક પરિસ્થિતિ અને અહીંના લોકોની રહેણીકરણી, રીતીરિવાજની ભિન્નતાને આભારી છે. સરહદી વિસ્તાર, વિશાળ દુર્ગમ પરિસર, ખરોપાટ અને સમુદ્ર, પ્રમાણમાં પાંખી પણ વૈવિધ્યવંતી વસ્તી, વિભિન્ન કોમ, ધર્મ, ભાષાકીય વિલક્ષણતાઓ આ બધું જ આ ભૂમિને ખરેખર ભાતીગળ બનાવે છે.

કચ્છપ્રદેશની વાર્તાઓમાં આ બધું જ કેટલું અને કેવું ઉતર્યું છે? અને આ પ્રદેશ તેની વાર્તાઓમાં કેવો અને કેટલો પ્રગટ થાય છે? વાર્તાને તે કેવી રીતે ઘડે છે ? વાર્તાઓમાં ત્યાંના રીતરિવાજો, માન્યતાઓ, પરંપરાઓ, વાતાવરણ, પ્રસંગો, પ્રથાઓ ,સંસ્કૃતિ, પ્રકૃતિ ,ઈતિહાસ, ભૂગોળ આ બધા જ તત્ત્વો અને એમનો પ્રાદેશિકતા સંદર્ભે અભ્યાસ અહીં રજૂ કર્યો છે.

આ માટે આ પ્રદેશના વાર્તાકારોની વાર્તાઓ પસંદ કરી છે જે નીચે મુજબ છે.

૬.૧ તંબૂ - ધીરેન્દ્ર મહેતા

૬.૨ ખેપ - વીનેશ અંતાણી

૬.૩ આટાર- રાજેશ અંતાણી

૬.૪ પલટાતો પવન - માવજી મહેશ્વરી

૬.૫ મિલકત - માવજીમહેશ્વરી

૬.૬ ગાળામાં અટવાયેલી તરસ - અજય સોની

૬.૭ રેતીનો માણસ - અજય સોની

૬.૮ ધોળીધૂળ - જયંત રાઠોડ

**૬.૧ તંબુ - ધીરેન્દ્ર મહેતા :**

ડૉ.ધીરેન્દ્ર મહેતા વાર્તાકાર, નવલકથાકાર, વિવેચક તરીકે પોંખાયેલા છે.તેમની પાસેથી ‘સમ્મુખ’ ‘એટલું બધું સુખ’ ‘હું એને જોઉં તે પહેલા’ ‘ગંઠાઈ ગયેલું લોહી’ જેવા વાર્તાસંગ્રહો મળે છે.અહીં તેમના વાર્તાસંગ્રહ ‘હું એને જોઉં તે પહેલા’ માંથી ‘તંબૂ’ વાર્તામાં પ્રાદેશિકતા તપાસી છે. ‘તંબૂ’ વાર્તામાંથી માણસના સ્વાર્થી વલણ સામે પરોપકારવૃતિ, ભૂકંપ આવવાથી ઘરવિહોણા બનેલા લોકો, તેમની વેદનાનું વાસ્તવિક નિરૂપણ જોવા મળે છે. વાર્તાનો નાયક મકાન માલિક પર હાવી થઈને ઘર ખાલી કરતો નથી. એજ મકાન ભૂકંપ આવવાથી ધરાસાય થાય છે અને એ ત્યાં તંબૂમાં રહે છે. જ્યાં તંબૂ પણ તેને મહેલ જેવો લાગે છે.અંતે એ તંબૂ તેને ઘરમાલિકને સોંપી દેવો પડે છે.કચ્છની ભૂકંપ પછીની સ્થિતિ,એની વાસ્તવિકતાનું વર્ણન,ભૂકંપ એની માનવજીવન પર પડતી અસર,એના લીધે સર્જાતી સ્થિતિ આ બધી જ બાબતો વાર્તામાં પ્રાદેશિક સદર્ભ ઊભો કરે છે.

**૬.૨ ખેપ - વીનેશ અંતાણીઃ**

નવલકથાકાર અને વાર્તાકાર તરીકે જાણીતા વીનેશ અંતાણી પાસેથી ‘હોલારવ’ ‘રણઝણવું’ અહીં કોઈ રહેતું નથી’ ‘તને ખબર નથી,નીરુ?’ અને ‘પાછા વળવું’ જેવા વાર્તાસંગ્રહો મળે છે.અહીં તેમના

વાર્તાસંગ્રહ 'અહીં કોઈ રહેતું નથી'માંથી 'ખેપ' વાર્તાને પ્રાદેશિકતા સંદર્ભે વાત કરી છે.વાર્તામાં દરિયામાં ખેપ મારી અને પોતાની મર્દાનગી સાબિત કરતો, પોતાની પ્રેમિકા રુક્મિનો પ્રેમ મેળવતો મંગલો સાહસિક પાત્ર બની રહે છે.કચ્છી પરિવેશ, તળબોલી, દરિયાઈ જીવનની વાસ્તવિકતાને અહીં સચોટ રીતે આલેખવામાં આવ્યો છે.કચ્છ પ્રદેશ અને એનો દરિયાકાંઠો અને એનો નોખો પરિવેશ વાર્તામાં પ્રાદેશિક વાતાવરણ ઊભું કરી આપે છે.

### ૬.૩ **આટાર - રાજેશ અંતાણીઃ**

રાજેશ અંતાણી પાસેથી 'પડાવ' અને 'વાવટો' એમ બે વાર્તાસંગ્રહો મળે છે.તેમની વાર્તાઓમાં કચ્છપ્રદેશનું લોકજીવન અને રણપ્રદેશનું સૌન્દર્ય કલાત્મક રીતે નિરૂપાયું છે.અહીં તેમની 'આટાર' વાર્તાને અભ્યાસમાં લીધી છે.'આટાર' વાર્તામાં રૂપા અને વીરમનું દામ્પત્ય જીવન અને કચ્છના રણપ્રદેશમાં પાણી માટે જે અગવડતાઓ વેઠવી પડે છે એનું વાસ્તવિક આલેખન જોવા મળે છે.વાર્તાના અંતમાં રૂપા દ્વારા વિરમને આટાર સાથે સરખાવવામાં આવે છે તેને સાવ કોરો જ આટાર જેવો કહે છે.અને તેના હાથમાંથી આટાર સરકતી જાય છે. અહીં સંકેતાત્મક રીતે વાર્તાનો અંત આપવામાં આવ્યો છે.વાર્તામાં કચ્છનું લોકજીવન અને તેમને વેઠવી પડતી હાડમારીઓને રજૂ કરવામાં આવી છે.જેમાં પ્રાદેશિક પરિવેશ, કચ્છ એની શુષ્કતાને પામી શકાય છે.

### **૬.૪ પલટાતો પવન - માવજી મહેશ્વરીઃ**

માવજી મહેશ્વરીની વાર્તાઓમાં કચ્છનો પરિવેશ, દરિયા કિનારાનો પ્રદેશ, રણપ્રદેશ ધબકતા જોવા મળે છે. તેમની પાસેથી 'અદ્રશ્ય દીવાલો' 'રત્ત કચ્છી વારતાઉ' 'વિજોગ' 'હસ્તરેખા' 'પવન' 'સરપ્રાઈઝ' 'ખોવાઈ ગયેલું ગામ' જેવા વાર્તાસંગ્રહો મળે છે. અહીં તેમના 'ખોવાઈ ગયેલું ગામ' વાર્તાસંગ્રહમાંથી 'પલટાતો પવન' વાર્તાને અભ્યાસમાં લીધી છે. વાર્તામાં દાનસંગ એનું પોતાની દાદા પર દાદાઓની જમીન અને એની સાથેનું જોડાણ, બદલાયેલા કચ્છ અને એમાં વસંત જેવા ભારાડીઓ એમની નીતિ દાનસંગને પોતાની જાત સાતે સમાધાન કરવા માટે મજબૂર કરે છે. અહીં ઔદ્યોગિકરણ અને પારંપરિક જીવન વચ્ચે ભીંસાતા માણસની વ્યથાને આલેખવામાં આવી છે.ઔદ્યોગિકરણે દાનસંગ જેવા કેટલાય માટીઘેલાને પોતાની માટીની સાથો સાથ પોતાની પરંપરા, મુલ્યો,અને પરિવારથી વિખુટા પાડી દીધા એ આ વાર્તામાં પ્રત્યક્ષ થાય છે.ઉદ્યોગ આવતા પવન પલટાય છે.જેને કારણે ગામને, પરિવારને ધરમૂળથી પલટાતું જોઈ દાનસંગ આઘાત પામે છે. ઔદ્યોગિકરણ પ્રાદેશિકતા પર કેવી વ્યાપક અસર ઊભી કરે છે એ આ વાર્તા સ્પષ્ટ રીતે બતાવે છે.અહીં કચ્છ એની બદલાયેલી આબોહવા, લોકજીવન,એની બોલી પ્રાદેશિક બનવા પામ્યા છે.

### **૬.૫ મિલકત - માવજી મહેશ્વરી**

'અદ્રશ્ય દીવાલો'વાર્તાસંગ્રહમાની 'મિલકત'વાર્તામા  દુષ્કાળગ્રસ્ત સ્થિતિ અને તેમાં નટુભા જેવા શ્રીમંત પરિવારની દયનીય સ્થિતિને આલેખવામાં આવી છે. આવી સ્થિતિ  હોવા સાથે નટુભાની બીજાની મિલકત ન લેવી અને પોતાની પ્રમાણિકતાને વળગીને રહેવું એ સ્પષ્ટ રીતે આલેખન પામ્યું છે.વાર્તામાં તળબોલી, ગ્રામ્ય પરિવેશ,વાર્તાને પ્રાદેશિક સંદર્ભ પૂરો પાડે છે.વાર્તાના આ ઘટક તત્વોને ધ્યાનમાં રાખી પ્રાદેશિકતા અને એની પ્રસ્તુતતાને ઉજાગર કરી છે.

### ૬.૬ ગળામાં અટવાયેલી તરસ - અજય સોનીઃ

અજય સોનીની વાર્તાઓમાં કચ્છની કુદરતી વિષમતાઓ સામે ઝઝુમતા પાત્રોના સંઘર્ષ, વેદના, લાચારી નિરુપણ પામ્યા છે.તેમની પાસેથી 'રેતીનો માણસ' 'કથા કેનવાસ' અને 'તળેટીનું અંધારું' એમ ત્રણ વાર્તાસંગ્રહો મળે છે.અહીં તેમના 'રેતીનો માણસ' વાર્તાસંગ્રહમાંથી 'ગળામાં અટવાયેલી તરસ'વાર્તાને અભ્યાસમાં લીધી છે. 'ગળામાં અટવાયેલી તરસ' વાર્તામાં ઔદ્યોગિક પ્રવૃત્તિને કારણે સામાન્ય માણસના જીવનમાં આવતા ધરતીકંપની કથા છે.એક સમયે પોતાની વાંઢમાં સુખેથી જીવતા માનસંગનું જીવન એના વિસ્તારમાં ઉભા થયેલા કારખાનાને લીધે ધ્વંસ થઈ ગયું છે.એના બધા જ સપના બહેન રેવતી સાથે થયેલા શારીરિક અત્યાચારની જેમ પીંખાય ગયા છે.બદલાયેલી આ હવા અને એની અસર કચ્છી લોકોના જીવનમાં કેવો બદલાવ લાવે છે એની દયનીય સ્થિતિનું આલેખન અહીં વાસ્તવિક રીતે થયું છે.કચ્છના વાંઢ, કચ્છનો રણપ્રદેશ એનું લોકજીવન, બોલી, ખાનપાન, પોશાક, રહેઠાણ આ બધું જ પ્રાદેશિક બની રહે છે.

### ૬.૭ રેતીનો માણસ - અજય સોની

'રેતીનો માણસ' વાર્તાસંગ્રહની જ મૂળ શીર્ષકવાળી વાર્તા 'રેતીનો માણસ'માં કચ્છના રણપ્રદેશમાં આવતા રેતીના અંધડને વાર્તાકાર રેતીના માણસ તરીકે જુએ છે.વાર્તાની આખી વાત માનવ અસ્તિત્વ સામે તોળાયેલી મહાભયાનક વાસ્તવિકતામાં પરિવર્તિત થાય છે.કચ્છના રણવાસીઓ માટે રેતીનું તોફાન બાહ્ય પરિબળ નથી, તે એમની સાથે જ જોડાયેલી વિષમતાઓનું આંતરિક તત્ત્વ બની ગયું છે. એનાથી દુર ભાગવાના બધા જ પ્રયત્નો નિષ્ફળ જવાના છે.

કચ્છના વાંઢ, ભૂંગા, કચ્છનો રણપ્રદેશ, પવન ફૂંકાય ત્યારે દિવસો સુધી આવતું રેતીનું અંધડ, કચ્છનું લોકજીવન આ બધાંનો વાસ્તવિક ચિતાર વાર્તાઓમાં અલેખાયો છે. જે પ્રાદેશિકતાને ઉજાગર કરી આપે છે.

### ૬.૮ ધોળીધૂળ – જયંત રાઠોડ :

કચ્છમાં જયંત રાઠોડ ઉભરતા વાર્તાકાર છે. તેમની પાસેથી 'ધોળીધૂળ' નામે એક માત્ર વાર્તાસંગ્રહ મળે છે. એમાં કચ્છ એની વાસ્તવિકતાને પામી શકાય છે.અહીં તેમના વાર્તાસંગ્રહ 'ધોળીધૂળ'માંથી એજ વાર્તાને પ્રાદેશિકતા સંદર્ભે તપાસી છે.તેમની વાર્તાઓ 'દટાયેલું નગર','એક નષ્ટ નગરની દાસ્તાન'માં આપણે કચ્છ અને એના પરિવેશને તાદસ થતો જોઈ શકીએ છીએ.'ધોળીધૂળ'વાર્તામાં

કચ્છના ખારાપાટનું વાસ્તવિક ચિત્ર આલેખાયું છે.ત્યાના લોકજીવનમાં અભયારણ્ય અને તેનાથી જે નકારાત્મક અસરો ઊભી થઇ, અગરિયાના જીવનમાં આવતી આર્થિક મુશ્કેલીઓનું સચોટ નિરૂપણ કરવામાં આવ્યું છે.વાર્તા કચ્છપ્રદેશને સાથે લઇ આગળ ચાલે છે.શહેરીકરણ તરફની આંધળી દોટ પ્રાદેશિકતાને કેવી અસર કરે છે એ આ વાર્તામાં જોઈ શકાય છે.

આમ આ પ્રકરણમાં ઉપરોક્ત વાર્તાકારોની પસંદ કરેલી વાર્તાઓને પ્રાદેશિક્તાના સંદર્ભે તપાસી છે.અને અભ્યાસમૂલક વાત રજૂ કરી આપી છે.

**પ્રકરણઃ ૭ તારણો અને નિષ્કર્ષ :**

ઉપરોક્ત ચર્ચા પરથી અને સમગ્ર ગુજરાતના જે-તે પ્રદેશોની વાર્તાઓનો અભ્યાસ કરતા એક વાત નોખી તરી આવે છે કે સાંપ્રત સમયના વાર્તાકારોની વાર્તાઓમાં જીવનવાદી અભિગમ જોવા મળે છે.સમાજથી દુર ગયેલા સર્જકો પાછા નિજ તરફ આવ્યા હોય એમ લાગે છે.અહીં વાર્તાને સામાજિક ભૂમિકા પાછી આપવામાં આવી છે. સાંપ્રત વાર્તાઓ વાંચતા એક વાત સીધી જ સ્પષ્ટ થાય છે કે આ વાર્તાઓ જીવનનું વાસ્તવિક નિરૂપણ કરે છે.તળજીવન, તળબોલી, સંસ્કૃતિ, પ્રકૃતિ, વ્યવસાય, ગ્રામ્યપરિવેશ, પોશાક, સાંપ્રત માનવજીવનની સમસ્યાઓ, આ બધું જ વાર્તાઓમાં પ્રયોજાયું છે.અહીં રચનારીતિ, પ્રયોગશીલતાનું સ્થાન દલિતચેતના, નારીચેતના, નગરચેતના, ગ્રામ્યચેતના, અરણ્યચેતનાની વાર્તાઓએ લીધું છે.

ગુજરાતના પાંચેય પ્રદેશોની વાર્તાઓ જોતા તેમાં છેવાડાનો માનવી અને તેની સમસ્યા,વેદનાને વાંચા આપવામાં આવી છે.આ વાર્તાઓમાં વિચરતી વિમુક્ત જ્ઞાતિઓ જેવી કે મદારી, બજાણિયા, વણઝારા, નાયક અને વન્યજીવન જીવતા આદિવાસીઓના જીવન, પરંપરા, રીતરિવાજો આ બધું જ વાસ્તવિક રીતે અલેખાયેલું જોવા મળે છે.અને આપણે અગાઉ વાત કરી એ મુજબ કોઈ પણ સર્જક સર્જનપ્રક્રિયામાં પોતાના પ્રદેશને ઉવેખીને સર્જન કરી શકતો નથી.આથી આ વાર્તાઓમાં જે-તે પ્રદેશ તેની પ્રકૃતિ, સંસ્કૃતિ, ભૂગોળ અને ઈતિહાસ અલેખાયા છે જે વાર્તાઓને પ્રાદેશિક સંદર્ભ પૂરો પાડે છે.આ વાર્તાઓને પ્રાદેશિકતાના તત્ત્વને આધારે તપાસી, અભ્યાસી, મુલવી ત્યારે પ્રદેશ એની પ્રાદેશિક અસ્મિતાને એમાં ઉજાગર થતા જોઈ શક્યો અને અહીં આ સંજ્ઞા અને ગુજરાતી ટૂંકીવાર્તા માટે એની ઉપકારકતાને મુલવી શક્યો છું.જેનો નિષ્કર્ષ અહીં રજૂ કરી આપ્યો છે.

સાહિત્યમાં પ્રાદેશિકતા કેટલી અને કેવી ઉપકારક બને છે તે વાર્તાઓને પ્રાદેશિકતા સંદર્ભે તપાસતા જાણી શકાયું.જે-તે પ્રદેશ વાર્તામાં કેટલો અને કેવો નિરૂપાયો છે, પ્રાદેશિક્તાનું તત્ત્વ વાર્તામાં કેટલું સાર્થક બની રહે છે તેના તારણો અને નિષ્કર્ષ અહીં રજૂ કરી આપ્યાં છે.

**પરિશિષ્ટ ૧ઃ કૃતિ સૂચિ :**

**પરિશિષ્ટ ૨ :સંદર્ભગ્રંથ સૂચિઃ**

**પરિશિષ્ટ ૩ :સામયિક સૂચિ :**